# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 04-07-2026 I VOL : 12 I Issue : 109 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

જીવનમાં સંતુલન રાખો.
ધ્યેય પર નજર રાખો.
કૃતજ્ઞતા સુખનું દ્વાર છે.


3 
રાજ્યને મળ્યા 2,389 નવા મહેસૂલી તલાટી:મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું- તલાટી ગામડાની કરોડરજ્જુ

4 
ખાખીનો અસલી તેજ: ગુજરાતના જાંબાઝ IPS રવિ તેજા, જેમની સિંઘમ શૈલીથી થથરે છે ગુનેગારો!

6 
35 વર્ષની ક્રિતી સેનન લગ્ન કરશે? બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે વેડિંગની ચર્ચાઓ ઉઠી

7 
મેદાન પર જ રડી પડ્યો રોનાલ્ડો, જીવ ગુમાવનારા સાથી ખેલાડીની જર્સી પહેરી શ્રદ્ધાંજલિ પાઠવી


## એક નજર...

### એક્ટ્રેસ મૌની રોયએ દરિયા કિનારે કરાવ્યું ગ્લેરમસ ફોટોશૂટ



ટીવીની દુનિયાથી બોલિવૂડ સુધીની સફર કરનાર હૉટ એન્ડ બ્યુટીફુલ એક્ટ્રેસ મૌની રોય ફરી એકવાર પોતાના બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં આવી છે. આ તસવીરોમાં મૌની ખૂબ જ કિલર પોઝ આપતી જોવા મળે છે. આ તસવીરોમાં મૌની રોય વ્હાઈટ બોડીકોન ડ્રેસમાં અલગ-અલગ પોઝ આપતી જોવા મળી રહી છે.

## NEWS TRACK

### પાકિસ્તાનમાં મોટી દુર્ઘટના: મુસાફરોથી ભરેલી બસ ઊંડી ખીણમાં ખાબકી, 40થી વધુના મોત

પાકિસ્તાનમાંથી એક અત્યંત દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. અહીં એક મુસાફરોથી ભરેલી બસ ઊંડી ખાઈમાં પડી જતાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ ભયાનક અકસ્માતમાં આશરે 40 લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. આ દુર્ઘટના બલૂચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા સરહદ નજીક સર્જાઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શુક્રવારે બલૂચિસ્તાનના શેરાની જિલ્લાના ધનસાર વિસ્તારમાંથી ઉપડેલી આ બસ ખૈબર પખ્તુનખ્વાના ડેરા ઈસ્માઈલ ખાન તરફ જઈ રહી હતી, તે દરમિયાન ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બસ સીધી ખાઈમાં જઈ પડી હતી. આ અકસ્માતમાં 40 લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે 8 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બલૂચિસ્તાનના મુખ્યમંત્રીના મીડિયા અને રાજકીય બાબતોના સલાહકાર શાહિદ રિંદે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, શરૂઆતી અહેવાલો મુજબ આ અકસ્માતમાં 40 લોકોના મોત થયા છે અને 8 લોકો ઘાયલ થયા છે.

### ઓપરેશન એમિસ્ટાડ: વેનેઝુએલાના ભૂકંપના પીડિતો માટે ભારતીય સેના 'ભીષ્મ ક્યુબ્સ' સાથે ખડેપગે

હાલમાં જ વેનેઝુએલામાં 7.2 અને 7.5 ની તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપ આવ્યા હતા, જેમાં 2200થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા. આ કપરા સમયમાં ભારતીય સેનાની તબીબી ટીમ 'ઓપરેશન એમિસ્ટાડ' હેઠળ સ્થાનિક લોકો માટે સંકટ સમયની સાથી સાબિત થઈ રહી છે. રાજધાની કારાકાસમાં 'ઈન્ટરનેશનલ લા રિનકોનાડા રેસટ્રેક' ખાતે ભારતીય સેનાએ 24 કલાક કાર્યરત ફિલ્ડ હોસ્પિટલ શરૂ કરી છે. અહીં દર્દીઓને મફત દવાઓ, સારવાર અને જરૂરિયાતમંદોને ઘરે મૂકવા માટે એમ્બ્યુલન્સ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. સ્થાનિક લોકો ભારતના આ માનવતાવાદી અભિગમની મુક્ત કંઠે પ્રશંસા કરી રહ્યા છે. સારવાર મેળવ્યા બાદ એક ભાવુક વૃદ્ધ દર્દીએ જણાવ્યું કે, 'મેં મારા 60 વર્ષના જીવનમાં ક્યારેય આવી ઉત્કૃષ્ટ તબીબી સેવા જોઈ નથી.' વેનેઝુએલાના વિદેશ પ્રધાન એન્ડ્રિયા કોરાઓ ફારિયા અને ઉપ આરોગ્ય પ્રધાને પણ આ હોસ્પિટલની મુલાકાત લઈ ભારતીય ટીમના ઝડપી પ્રતિભાવ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

## આતંકી ષડયંત્રનો પર્દાફાશ

# ગુજરાત અને મધ્ય પ્રદેશમાંથી જૈશ-એ-મોહમ્મદના 8 આતંકીઓ ઝડપાયા

**ગાંધીનગર**

દેશની આંતરિક સુરક્ષાને પ્રભાવિત કરવાના એક મોટા આતંકી ષડયંત્રનો પર્દાફાશ થયો છે. ગુજરાત ATSની ટીમે ઓપરેશન હાથ ધરીને ગુજરાત અને મધ્ય પ્રદેશના વિવિધ જિલ્લાઓમાંથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ(JeM) સાથે સંકળાયેલા 8 આતંકીઓની ધરપકડ કરી છે. આ ઓપરેશનને પગલે બંને રાજ્યોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવી દેવામાં આવી છે. અહેવાલો અનુસાર, પકડાયેલા તમામ આરોપીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના સક્રિય સભ્યો છે અને લાંબા સમયથી સંગઠન વતી ગુપ્ત રીતે કામ કરી રહ્યા હતા. તે આતંકવાદી સંગઠનના સંપર્કમાં રહીને ગુજરાત રાજ્યમાં સંગઠનના નેટવર્કને મજબૂત કરવા તેમજ આતંકવાદી પ્રવૃત્તિઓ અને દેશવિરોધી કૃત્યોને આગળ ધપાવવા માટે સક્રિય હતા. આતંકીઓના આ મોડ્યુલ અંગે ગુજરાત ATSની ટીમને




માહિતી મળી હતી. જેના આધારે ટેકનિકલ સર્વેલન્સ ગોઠવીને ગુજરાત અને મધ્ય પ્રદેશના અલગ-અલગ શંકાસ્પદ ઠેકાણાઓ પર એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ સર્ચ ઓપરેશન દરમિયાન 8 આરોપીઓ ઝડપાઈ ગયા હતા. ગુજરાત ATSના DIG સુનિલ જોશીએ જણાવ્યું હતું કે, 2023થી 3.5 વર્ષમાં 11મો કેસ છે. કુલ 38 આરોપીઓ પકડ્યા છે.

## આતંકવાદ બંધ ન થાય સુધી કોઈ ચર્ચા નહીં થાય, સિંધુ જળ કરાર પર ભારતનો પાકિસ્તાનને જવાબ

**નવી દિલ્હી**

ભારતે સિંધુ જળ સમજૂતી સસ્પેન્ડ કર્યા બાદ પાકિસ્તાન ભારે તરફડિયા મારી રહ્યું છે, આ જ કારણે પાકિસ્તાની નેતાઓ અને તેમની આરમી અવાર-નવાર ભારત વિરુદ્ધ ઝેર ઓંકી રહ્યું છે. તાજેતરમાં જ પાકિસ્તાન તરફથી ભારત વિરુદ્ધ ભડકાઉ નિવેદન કરવામાં આવ્યું હતું, જેનો ભારત સરકારે જડબાતોડ જવાબ આપ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, જ્યાં સુધી સરહદ પાર ચાલી રહેલો આતંકવાદ સંપૂર્ણ ખતમ નહીં થાય, ત્યાં સુધી સિંધુ જળ સમજૂતીને લગતી વાતચીત પણ નહીં થાય અને સ્થિતિ રાબેતા મુજબ કે ફરીથી પહેલા જેવી કરવામાં પણ નહીં આવે. ભારતે સ્પષ્ટ કહી દીધું છે કે, આતંકવાદ અને ચર્ચા બંને એક સાથે ન ચાલી શકે. ભારત રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈપણ સમજૂતી નહીં કરે. આ સાથે ચીન-મ્યાંમાર-બાંગ્લાદેશ વચ્ચે આર્થિક કૉરિડોર બનાવવાના પ્રસ્તાવ પર પણ ભારતે કડક વલણ અપાવ્યું છે.

## I.N.D.I.A. ગઠબંધનના નેતાઓનો ચીફ જસ્ટિસને પત્ર

# ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર ઉઠાવ્યા સવાલ

**નવી દિલ્હી**

દેશના રાજકારણમાંથી એક ખુબ જ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વિપક્ષી પક્ષોના 'ઇન્ડિયા' (INDIA) ગઠબંધને ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતને એક અત્યંત મહત્ત્વનો પત્ર લખ્યો છે. શુક્રવારે જાહેર કરાયેલા આ છ પાનાના પત્રમાં વિપક્ષે દેશની ચૂંટણી પ્રક્રિયામાં મોટા પાયે ગેરરીતિઓ અને હેરાફેરી થતી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. પત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે જો ન્યાયતંત્ર આવી ચિંતાઓ પર ધ્યાન આપવામાં નિષ્ફળ જશે, તો તે દેશમાં 'પ્રજાસત્તાક વ્યવસ્થાના સંપૂર્ણ પતન' સમાન ગણાશે. સામાન્ય રીતે વિપક્ષ ક્યારેય આ રીતે સીધો ચીફ જસ્ટિસને પત્ર નથી લખતો, પરંતુ પત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આપણી લોકશાહી અત્યારે જોખમમાં હોવાથી જ તેમણે આ અસાધારણ રસ્તો અપનાવવો પડ્યો છે. 23 વિપક્ષી નેતાઓ અને એક અપક્ષ સાંસદની સહીવાળા આ પત્રમાં ન્યાયતંત્રને આ





ગંભીર મુદ્દાઓ પર વિચાર કરવા વિનંતી કરાઈ છે. વિપક્ષનું કહેવું છે કે જ્યારે બધી વ્યવસ્થાઓ નિષ્ફળ જાય ત્યારે પણ જનતાનો ભરોસો માત્ર કોર્ટ પર હોય છે. સંસ્થાઓ નિષ્ફળ જાય ત્યારે લોકશાહી અરાજકતામાં બદલાઈ જાય છે. વિપક્ષે સ્પષ્ટ કર્યું કે તેઓ ન્યાયતંત્ર પર સવાલ નથી ઉઠાવી રહ્યા, પણ જ્યારે તમામ રસ્તા બંધ થાય ત્યારે કોર્ટ જ છેલ્લો આશરો છે.

# કરજણના ફતેપુરમાં રેતી માફિયાઓનું સામ્રાજ્ય, કરોડોનું કૌભાંડ અને સત્તાધીશોની મૌન સંમતિ!









**ફતેહપુર પંચાયતના સરપંચના પતિ બકુલ પટેલ**

**કરજણ**

ગુજરાત સરકાર એક તરફ ભ્રષ્ટાચાર મુક્ત શાસનના દાવા કરે છે, ત્યારે બીજી તરફ કરજણ તાલુકાના ફતેપુર ગ્રામ પંચાયતમાં કરોડો રૂપિયાના રેતી ખનન કૌભાંડની ગુંજ ગાંધીનગર સુધી પહોંચી છે. સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, ફતેપુર ગ્રામ પંચાયતમાં લોકશાહીનું ચીરહરણ કરીને પંચાયતનો વહીવટ કાયદેસરના સત્તાધીશોને બદલે તેમના પતિદેવ ચલાવી રહ્યા છે અને સરકારી તિજોરીને કરોડોનો ચૂનો લગાડી રહ્યા છે.

### પત્ની સરપંચ, પતિ સર્વેસર્વા: 2017થી ચાલે છે બકુલ પટેલનું એકહથ્થુ શાસન

ફતેપુર ગ્રામ પંચાયતમાં હાલમાં હર્ષાબેન બકુલ પટેલ સરપંચ પદ પર બિરાજમાન છે, પરંતુ ગામનો અસલી વહીવટ તેમના પતિ બકુલ પટેલ નામના શખ્સ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. આ કોઈ નવો મામલો નથી. આ અગાઉ જ્યારે બકુલ પટેલના ભાઈ જયેશ ભોગીલાલ પટેલના પત્ની નીમાબેન પટેલ ઉપસરપંચ હતા, ત્યારે પણ વહીવટી દોરી સંચાર બકુલ પટેલના હાથમાં જ હતો. વર્ષ ૨૦૧૭થી ગ્રામ પંચાયતના વહીવટમાં સરેઆમ દખલગીરી કરીને, ધાકધમકી આપીને ખોટા ઠરાવો ઊભા કરવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. આ ખોટા ઠરાવોના જોરે ગેરકાયદેસર રીતે રેતી ખનન માફિયાઓને લીઝ અપાવી દેવામાં આવી અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૨૧થી ગાયોના ચરિયાણ માટેની ગોચર જમીનમાં પણ રેતી ખનન માફિયાઓને રસ્તા પેટે ખોટા ઠરાવો કરી આપીને કુદરતી સંપત્તિની લૂંટ ચલાવવામાં આવી છે.

### ગામનો વિકાસ શૂન્ય, નેતાજીની મિલકતો કરોડોમાં!

નર્મદા નદીના પટમાંથી નીકળતી રેતી અને કંકરની કરોડો રૂપિયાની રોયલ્ટી અને ગ્રાન્ટ ફતેપુર ગામના વિકાસ માટે વાપરવાની હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ફતેપુર ગામમાં વિકાસના નામે મીંડું છે. ગામની ગ્રાન્ટ ક્યાં સગેવગે થઈ ગઈ તે એક મોટો સવાલ છે. પંચાયતના તલાટી અને સરપંચની મિલીભગતથી આચરાયેલા આ ભ્રષ્ટાચારને કારણે વહીવટદાર બકુલ પટેલે ટૂંક સમયમાં કરોડો રૂપિયાની બેનામી મિલકતો ઊભી કરી લીધી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ટીડીઓ (TDO) અને ડીડીઓ (DDO) દ્વારા આ મામલે તપાસ પણ કરવામાં આવી હતી, જેમાં ગ્રામ પંચાયતના રોજમેળ ખાતામાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનો રિપોર્ટ સામે આવ્યો હતો. આ આખું કૌભાંડ છેક સ્ટેટ વિજિલન્સ (તકેદારી વિભાગ) સુધી પહોંચ્યું હોવા છતાં, કોઈ અગમ્ય કારણોસર આજ દિન સુધી આ ભ્રષ્ટાચારીઓ સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

### તંત્રની ઘોર બેદરકારી: મામલતદારથી લઈને મુખ્યમંત્રી સુધી રજૂઆતો છતાં પરિણામ શૂન્ય

વર્ષ ૨૦૧૩થી કરજણ તાલુકામાં બેફામ રેતી અને માટી ખનન ચાલી રહ્યું છે. વડોદરા ખાણ ખનીજ વિભાગને આ અંગે વારંવાર લેખિત અને મૌખિક જાણ કરવામાં આવી છે, પરંતુ અધિકારીઓ કાનમાં આંગળા નાખીને બેઠા છે. કરજણના મામલતદાર અને એસડીએમ શિવમ બારીયાને પણ સ્થાનિકો દ્વારા ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી, છતાં તંત્ર હજુ સુધી કુંભકર્ણની નિદ્રામાંથી જાગ્યું નથી. ગાંધીનગર ખાણ ખનીજ વિભાગ કે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુધી ફરિયાદો પહોંચી હોવા છતાં ખનન માફિયાઓ પર કાયદાનો કોઈ ડર દેખાતો નથી. રાત્રિના અંધારામાં નર્મદા નદીના પટમાં પ્રતિબંધિત બાજ મશીનો ઉતારીને ખુલ્લેઆમ કુદરતી સંપત્તિની ચોરી કરવામાં આવી રહી છે.

### ધારાસભ્ય અક્ષય પટેલ સામે સવાલો: રક્ષક જ ભક્ષક?

આ સમગ્ર કૌભાંડ પાછળ કરજણ વિધાનસભાના ધારાસભ્ય અક્ષય પટેલનો હાથ હોવાના ગંભીર આક્ષેપો સૂત્રો દ્વારા લગાવવામાં આવી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે બકુલ પટેલના ગોડફાધર ખુદ ધારાસભ્ય અક્ષય પટેલ છે. આ મામલે ધારાસભ્યને રજૂઆત કરવા છતાં તેમણે કોઈ પગલાં લીધા નથી, જેનાથી એ સાબિત થાય છે કે તેઓ પોતે પણ ખનન માફિયાઓ સાથે સીધા સંકળાયેલા છે. ચૂંટણી ટાણે આયાતી ઉમેદવાર તરીકે આવેલા અક્ષય પટેલ ભાજપમાં જોડાયા ખરા, પણ ભાજપ પક્ષને કે કરજણની જનતાને આનાથી કોઈ ફાયદો થયો નથી. ફાયદો થયો છે તો માત્ર અક્ષય પટેલને, જેમની સંપત્તિમાં રાતોરાત કરોડો રૂપિયાનો વધારો થઈ ગયો છે. જે ધારાસભ્ય પોતે જ ભ્રષ્ટાચારીઓ અને ખનન માફિયાઓનો પાલનહાર હોય, તે કરજણ વિધાનસભાનો શું વિકાસ કરશે? તેવો વેધક સવાલ હવે જનતા પૂછી રહી છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પંચાયતથી લઈને સચિવાલય સુધી બેઠેલા તમામ જવાબદારોને પૂછે છે કે, આ કરોડોના રેતી કૌભાંડના આકાઓ સામે ક્યારે કાયદાનો કોરડો વિંઝાશે? શું જનતાના ટેક્સના પૈસા અને કુદરતી સંપત્તિ આમ જ નેતાઓ અને વહીવટદારોના ગજવા ભરવામાં લૂંટાતી રહેશે?





ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## પોર-કુડાસણ રોડ પર લાશ મળી : કાચની ફેક્ટરીની સામે 30 વર્ષીય યુવકનો બિનવારસી હાલતમાં મૃતદેહ મળ્યો

ગાંધીનગર

ગાંધીનગરના પોર-કુડાસણ રોડ પર આવેલી એક કાચની ફેક્ટરી સામેથી આશરે 30 વર્ષીય પરપ્રાંતીય યુવકની બિનવારસી હાલતમાં લાશ મળી આવતા પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. હાલમાં મજૂરની ઓળખ અને મોત ક્યાં કારણસર થયું એ જાણવા અડાલજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની વિગત એવી છે કે પોર-કુડાસણ રોડ પર કાચની ફેક્ટરીની સામે કોઈ અજાણ્યા યુવકની લાશ પડી હોવાની જાણ થતા આસપાસના લોકો એકઠા થઈ ગયાં હતા. બનાવની જાણ થતા સૌપ્રથમ ઈન્ફોસિટી પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જોકે પોલીસે ઘટનાસ્થળના સર્વે નંબરની તપાસ કરતા આ વિસ્તાર અડાલજ પોલીસ મથકની હદમાં આવતો હોવાનું બહાર આવ્યું હતું. આથી ઈન્ફોસિટી પોલીસે તુરંત જ અડાલજ પોલીસને જાણ કરી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ અડાલજ પોલીસ મથકની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી.આ અંગે અડાલજ પોલીસ મથકના પીઆઈ એસ. જી. દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં મૃતક પરપ્રાંતીય મજૂર હોવાનું જણાય છે, જેની ઉંમર આશરે 30 વર્ષની આસપાસ છે. મૃતકની લાશ ઉપર હાલ કોઈ સ્પષ્ટ બાહ્ય ઈજાના નિશાન જોવા મળ્યા નથી.

હાલ પોલીસની ટીમે આસપાસ આવેલી વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર જઈને મૃતકની ઓળખ માટે પૂછપરછ શરૂ કરી છે.

## વાંચ ગામે ગેસ એજન્સીના કર્મચારી પર જીવલેણ હુમલો : બાઈક, એક્ટિવા પર આવેલા 4 શખસે પૈસાનો થેલો લૂંટવાનો પ્રયાસ કર્યો

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના વાંચ ગામ પાસે સ્વામિનારાયણ મંદિર નજીક વહેલી સવારે ગેસ એજન્સીના કર્મચારી સાથે લૂંટનો બનાવ બન્યો છે. બાઈક અને એક્ટિવા ઉપર આવેલા 4 અજાણ્યા શખસોએ ગેસ એજન્સીના કર્મચારી ઉપર હુમલો કરી દીધો હતો. જે હુમલામાં કર્મચારી લોહીલુહાણ થઈ ગયા હતા.

જો કે ગેસ એજન્સીના કર્મચારીએ બુમાબુમ અને પ્રતિકાર કરતા પૈસા લૂંટવાની જગ્યાએ સોનાનો દોરો લૂંટી અજાણ્યા શખસો ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત ગેસ એજન્સીના કર્મચારીને સારવાર માટે એલજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. વિવેકાનંદ નગર પોલીસ દ્વારા હાલમાં એલજી હોસ્પિટલમાં કર્મચારી પાસેથી ફરિયાદ લેવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ જિલ્લાના વાંચ ગામ પાસે સ્વામિનારાયણ મંદિર નજીકના ગેસ એજન્સીનું ગોડાઉન આવેલું છે. ગેસ એજન્સીનો કર્મચારી આજે સવારે એજન્સીમાંથી પૈસા લઈને કાચા અવાવરું રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાનમાં એજન્સીથી થોડા આગળ રોડ ઉપર પહોંચતા બાઈક અને એક્ટિવા ઉપર આવેલા 4 શખસોએ તેને ઘેરી લીધો હતો અને તેની સાથે ઝપાઝપી કરી હતી. એટલું જ નહીં હુમલો કરી પૈસાનો થેલો લૂંટવાનો પ્રયાસ કર્યો હતો.

જો કે એજન્સીના કર્મચારીએ પ્રતિકાર કર્યો હતો અને હાથમાં થેલો પકડી રાખ્યો હતો. ત્યારે લૂંટારૂઓના હુમલામાં લોહીલુહાણ થઈ ગયા હતા. ઝપાઝપી થઈ હોવાથી આસપાસના લોકો અવાજ સાંભળીને દોડી આવ્યા હતા. જેથી પકડાઈ જવાના ડરે ચારેય શખસો પૈસાની જગ્યાએ સોનાનો દોરો ખેંચી અને લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.

## AAP ફરી એકવાર આંદોલનના મૂડમાં : 5 જુલાઈએ પાટનગરમાં સામૂહિક ઉપવાસનું આયોજન

ગાંધીનગર

રાજ્યમાં ખેડૂતોના વિવિધ પ્રશ્નોને લઈને આમ આદમી પાર્ટી (AAP) ફરી એકવાર આંદોલનના મૂડમાં જોવા મળી રહી છે. AAPના પ્રદેશ કિસાન સેલ દ્વારા 5 જુલાઈએ ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદેશ નેતૃત્વ અને ખેડૂતોની હાજરીમાં સામૂહિક ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પાર્ટીનો દાવો છે કે ખેડૂતોને અસર કરતા વીજ પોલ, પાક, બિયારણ, ખાતર અને ભાવ સહિતના મુદ્દાઓ પર સરકારનું ધ્યાન દોરવા આ કાર્યક્રમ યોજાશે.

AAPના પ્રદેશ કિસાન સેલ પ્રમુખ પ્રવીણ રામે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં ખેડૂતો વીજ પોલ સહિતના અનેક પ્રશ્નોને લઈને સંઘર્ષ કરી રહ્યા છે. ખાસ કરીને જેતપુરમાં ખેડૂતો લાંબા સમયથી આમરણ ઉપવાસ પર બેઠા હોવા છતાં સરકાર તરફથી કોઈ યોગ્ય પ્રતિસાદ મળ્યો નથી.

તેમણે જણાવ્યું કે, ચોમાસામાં અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની સ્થિતિ સર્જાય તો ખેડૂતોને પાક નિષ્ફળ જવાનો ભય છે. બીજી તરફ સમયસર બિયારણ અને ખાતરની ઉપલબ્ધતા પણ પડકારરૂપ બની રહી છે. જો ખેડૂતો સારો પાક ઉગાડશે તો પણ તેમને પૂરતા બજારભાવ નહીં મળે તેવી સ્થિતિ છે, જેના કારણે ખેડૂતો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.

પ્રવીણ રામે વધુમાં કહ્યું કે, ખેડૂતોના પ્રશ્નોને લઈને અગાઉ ખેડૂતો દ્વારા આંદોલન કરવામાં આવ્યા હતા અને AAPએ કિસાન મહાપંચાયતનું પણ આયોજન કર્યું હતું, પરંતુ સરકાર દ્વારા હજુ સુધી કોઈ અસરકારક નિર્ણય લેવામાં આવ્યો નથી. તેથી હવે 5 જુલાઈએ સામૂહિક ઉપવાસ કરીને ખેડૂતોના હકો માટે અવાજ ઉઠાવવામાં આવશે.

## જેતપુરમાં પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ : ખોવાયેલા60,000 રોકડા અસલી માલિકને પરત અપાવતી જેતપુર સીટી પોલીસ

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં માનવતા અને પ્રમાણિકતાનો એક અદભુત કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ખીરસરા રોડ, ફિલ્ટર પ્લાન્ટ સામે રહેતા ચેતનભાઈ પ્રવિણભાઈ સોલંકી નામના વેપારીના કેરીના વેપારના રૂ.૬૦,૦૦૦ રોકડા રૂપિયા કણકીયા પ્લોટ, ઘનશ્યામ મેડિકલની આજુબાજુના વિસ્તારમાં પડી ગયા હતા. નાણાં ખોવાઈ જતાં ચિંતાતુર બનેલા ચેતનભાઈએ 'નેત્રમ' પ્રોજેક્ટ અંતર્ગત તે વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરા જોઈ આપવા માટે પોલીસ પાસે મદદ માંગી હતી. આ બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને રાજકોટ રેન્જ આઈજી નિલિપ્ત રાય તથા જિલ્લા વડા પોલીસ અધીક્ષક વિજય સિંહ ગુર્જર અને ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમાર એ પોલીસ સ્ટેશનના ટેકનિકલ શાખાના કર્મચારીઓને સીસીટીવી કેમેરા ચેક કરી અરજદારની સત્વરે મદદ કરવા સૂચના આપી હતી. આ દરમિયાન, જેતપુરના જ એક જાગૃત અને પ્રમાણિક નાગરિક ઈલીયાસભાઈ વલીભાઈ કાથરોટીયા (રહે. જેતપુર, નાના ચોક, તકીયા શેરી) ને આ રૂપિયા રસ્તા પરથી મળ્યા હતા. તેમણે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા આ તમામ રકમ જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે આવીને જે-તે સ્થિતિમાં જમા કરાવી દીધી હતી. ત્યારબાદ પોલીસે અસલી માલિક ચેતનભાઈ સોલંકીને બોલાવીને તેમના રૂ.૬૦,૦૦૦/- પૂરેપૂરા સહી સલામત પરત સોંપ્યા હતા.

### ખેડા પોલીસનો ડબલ ખેલ

# એકતરફ જનજાગૃતિની પોકળ પોસ્ટ, બીજીતરફ ભ્રષ્ટ અધિકારીઓની રહેમનજર હેઠળ ચિટિંગનો કાળો કારોબાર!




**ચકલાસી પોલીસ મથકની હદમાં આવેલા કુખ્યાત ચલાલી વગડામાં વર્ષોથી ચાલતા ચિટિંગના વેપલા સામે આખરે મોડે મોડે ખેડા જિલ્લા પોલીસે સોશિયલ મીડિયા પર જનજાગૃતિની પોસ્ટ મૂકીને સંતોષ માન્યો છે. પરંતુ સવાલ એ છે કે, જેમના નાક નીચે આ આખું નેટવર્ક ફાલી ફૂલ્યું, તે ભ્રષ્ટ અધિકારીઓ સામે પગલાં ક્યારે?**

ખેડા

લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે, આ કહેવત યાત્રાધામ અને પવિત્ર ભૂમિ એવા ખેડા જિલ્લામાં અક્ષરશઃ સાચી સાબિત થઈ રહી છે. પરંતુ અહીં ટ્વિસ્ટ એ છે કે ધુતારાઓને પ્રોત્સાહન આપનાર બીજું કોઈ નહીં, પણ કાયદાના રક્ષકો જ હોવાના સનસનીખેજ આક્ષેપો ઉઠ્યા છે. ચકલાસી પોલીસ મથકની હદમાં આવેલા કુખ્યાત ચલાલી વગડામાં વર્ષોથી ચાલતા ચિટિંગના વેપલા સામે આખરે મોડે મોડે ખેડા જિલ્લા પોલીસે સોશિયલ મીડિયા પર જનજાગૃતિની પોસ્ટ મૂકીને સંતોષ માન્યો છે. પરંતુ સવાલ એ છે કે, જેમના નાક નીચે આ આખું નેટવર્ક ફાલી ફૂલ્યું, તે ભ્રષ્ટ અધિકારીઓ સામે પગલાં ક્યારે?

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી માહિતી મુજબ, જિલ્લા પોલીસના રીઢા વહીવટદારો અને ભ્રષ્ટ પોલીસ અધિકારીઓની સીધી ભાગીદારીમાં આ ચિટિંગનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે.

કમાણીની વહેંચણી: આ ગંદા ખેલમાં પહેલા ૬૦-૪૦ની પાર્ટનરશિપ ચાલતી હતી, એટલે કે ચીટરના ૬૦% અને ભ્રષ્ટ પોલીસના ૪૦%. હવે નવો નિયમ આવ્યો છે– દર ૧ લાખની લૂંટ પર ૨૫ હજાર સીધા પોલીસના ગજવામાં!

સેટલમેન્ટ પોલીસ સ્ટેશન: જ્યારે પણ કોઈ ભોગ બનનાર નાગરિક હોબાળો મચાવે, ત્યારે પોલીસ ગુનો નોંધવાને બદલે 'સેટલમેન્ટ' કરાવી થોડીઘણી રકમ પરત અપાવી દે છે. પરિણામે,

- **60-40થી લઈને ફિક્સ ટકાવારી: ભ્રષ્ટ ખાખીધારીઓ માલામાલ!**
- **'કરપ્શન બ્રાન્ચ'ના કારભારીઓ કોણ? CID ક્રાઈમ તપાસ કરે તો અનેક હાડપિંજર બહાર આવે!**

રેકોર્ડ પર ક્રાઈમ રેટ નીચો રહે અને ભ્રષ્ટોની તિજોરીઓ છલકાતી રહે!

'કરપ્શન બ્રાન્ચ'ના કારભારીઓ કોણ? CID ક્રાઈમ તપાસ કરે તો અનેક હાડપિંજર બહાર આવે!

ખેડા જિલ્લા પોલીસ સોશિયલ મીડિયા પર ઉપદેશ આપે છે કે, 'બનાવ બન્યા પછી ગભરાશો નહીં, તરત ફરિયાદ નોંધાવો.' પણ મોટો સવાલ એ છે કે જ્યારે ખુદ પોલીસ જ ચીટરો સાથે ભળેલી હોય, ત્યારે ફરિયાદ નોંધે કોણ?

લોકોમાં ચર્ચાતી વિગતો અનુસાર, ખેડા ક્રાઈમ બ્રાન્ચને 'કરપ્શન બ્રાન્ચ' બનાવનાર ભ્રષ્ટ અને બિનકાર્યક્ષમ પોલીસ ઈન્સ્પેક્ટર કે.આર. વેકરિયા અને એમ.જે. બારોટ તેમજ ડિફોલ્ટર જયેશ રબારી અને ચકલાસીના રીઢા વહીવટદાર કુલદીપસિંહની રહેમનજર હેઠળ અત્યાર સુધીમાં કેટલીય 'પાર્ટીઓ' કપાઈ ચૂકી છે. તાજેતરમાં જ એક પોલીસ સ્ટેશનની હદમાં એક આસામીને ૫ લાખમાં કાપવામાં આવ્યો (ચીટીંગ કરાયું) હોવાની ચર્ચા છે, જેમાં પોલીસે ગુનો નોંધવાને બદલે સેટલમેન્ટ કરી પોતાની અને ચીટર બંનેની આબરૂ સાચવી લીધી હતી!

મુખ્ય સવાલો જેનો જવાબ ખેડા પોલીસે આપવો જ પડશે:

1. અત્યાર સુધીમાં ચલાલી વગડાના ચીટરો સામે કેટલી FIR નોંધી?
2. પીઆઈ વેકરિયા કે કુલદીપસિંહ જેવા ભ્રષ્ટોના પાપ છાવરવા માટે ગુના રેકોર્ડ પર કેમ નથી લેવાતા? શું આ ચીટરોને સીધું પ્રોત્સાહન નથી?
3. સોના અને ડોલર અડધી કિંમતે આપવાની લાલચ આપતા ઠગો મુક્તપણે કેમ ફરી રહ્યા છે?

રાજ્યના DGP સમક્ષ તાકીદની માંગ: તાત્કાલિક બદલી કરો અને તપાસ બેસાડો!

હવે પાણી માથા પરથી પસાર થઈ ચૂક્યું છે. ખેડા એલસીબીના બંને કથિત ભ્રષ્ટ પોલીસ ઈન્સ્પેક્ટર કે.આર. વેકરિયા, એમ.જે. બારોટ અને ડિફોલ્ટર જયેશ રબારી વિરુદ્ધ CID ક્રાઈમ દ્વારા ઊંડી અને નિષ્પક્ષ તપાસ કરાવવામાં આવે તેવી લોકમાંગ બુલંદ થઈ છે. આ ભ્રષ્ટ નેક્સસને તોડવા માટે આ તમામ અધિકારીઓની જાહેરહિતમાં તાત્કાલિક બદલી કરવામાં આવે તો જ ખેડા જિલ્લાની જનતાને સાચો ન્યાય મળશે અને ખાખી પરનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થશે.

### અમદાવાદ-સુરતમાંથી 4 માસ્ટરમાઈન્ડ ઝડપાયા!

## ગુજરાત પોલીસનું 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' : 161 કરોડના દેશવ્યાપી સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ

અમદાવાદ

ગુજરાત પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ડિજિટલ લૂંટારુઓ સામે અત્યાર સુધીનું સૌથી મોટું અને ઘાતક ઓપરેશન પાર પાડ્યું છે. રાજ્યના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ અને CID ક્રાઈમે સંયુક્ત રીતે 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' હેઠળ દેશવ્યાપી સાયબર છેતરપિંડી આચરતા એક બહુ મોટા નેટવર્કનો ભાંડો ફોડી નાખ્યો છે. આ આખું કૌભાંડ અધધધ... ૧૬૧ કરોડ રૂપિયાનું હોવાનું સામે આવતા આખા દેશની તપાસ એજન્સીઓ ચોંકી ઉઠી છે. આ મામલે પોલીસે અમદાવાદ અને સુરતમાંથી ૪ રીઢા આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

પકડાયેલા આરોપીઓ સામાન્ય જનતા કે ગરીબ લોકોને લાલચ આપીને અથવા તો બોગસ અને બનાવટી પેઢીઓ (શેલ કંપનીઓ) ઉભી કરતા હતા.

નકલી આઈડી અને ડોક્યુમેન્ટ્સ: આરોપીઓ કાગળ પર નકલી કંપનીઓ બતાવીને તેના નામે અલગ-અલગ બેંકોમાં કરન્ટ એકાઉન્ટ્સ ખોલાવતા હતા, જેને સાયબરની ભાષામાં 'મ્યુલ એકાઉન્ટ્સ' કહેવાય છે.

બ્લેક મનીનું રૂટિંગ: દેશભરમાંથી સાયબર ફ્રોડ, ઓનલાઈન સટ્ટો કે ટાસ્ક ફ્રોડ દ્વારા જે પણ કાળી કમાણી થતી, તે સીધી આ નકલી એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. આ પૈસા થોડી જ મિનિટોમાં અન્ય ખાતાઓમાં ફેરવીને ઉપાડી લેવાતા હતા, જેથી પોલીસ કડી ન મેળવી શકે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જે ખુલાસો થયો છે તે કંપાવી દેનારો છે. આ ૪ આરોપીઓ જે નેટવર્ક ચલાવતા હતા, તેનો સીધો સંબંધ ભારતના અલગ-અલગ રાજ્યોમાં નોંધાયેલા આશરે ૨૫૩ સાયબર ગુનાઓ સાથે છે. એટલું જ નહીં, તપાસ એજન્સીઓ હાલ 'ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક' માં થયેલી કથિત સાયબર છેતરપિંડીના એંગલથી પણ આ કેસની કડીઓ જોડી રહી છે. શંકા છે કે આ બેંકના ખાતાઓનો ઉપયોગ પણ આ જ ફ્રોડ નેટવર્ક માટે થયો હોઈ શકે છે. 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' ની સફળતા બાદ ગુજરાત પોલીસે આ કાળા કારોબારના મૂળ સુધી પહોંચવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પકડાયેલા ચારેય આરોપીઓની આકરી પૂછપરછ ચાલી રહી છે.

## રાણપુર તાલુકામાં ધો-9 થી 12માં સરકારી હાઈસ્કૂલમાં પાઠ્યપુસ્તક નહી મળતા વિદ્યાર્થીઓ પરેશાન

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જીલ્લાના રાણપુર શહેર અને તાલુકા માં ધોરણ-9 થી 12 માં સરકારી હાઈસ્કૂલમાં વિધાર્થીઓને પાઠયપુસ્તક 1 મહિના થવા આવ્યો હોવા છતાં પણ પાઠયપુસ્તક મળ્યા નથી જે બાબતની જાણ રાણપુર તાલુકા યુથ કોંગ્રેસના પ્રમુખ પરવેજભાઈ કોઠારીયા ને થતા તેઓએ શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી ને લઈ ને ચિમકી ઉચ્ચારી જો આવનારા 7 દિવસમાં રાણપુર શહેર અને તાલુકા વિદ્યાર્થીઓને પાઠયપુસ્તક આપવામાં નઈ આવે તો ના છુટકે ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની શરૂઆત કરવામાં આવશે. હાલ રાણપુર તાલુકામાં રાણપુર શહેરમાં ધોરણ-9 થી 12 ના વિદ્યાર્થીઓને અપૂરતા મળેલા પાઠ્યપુસ્તકને લઈને વિદ્યાર્થીઓના શિક્ષણ સાથે ચેડા થઈ રહ્યા હોય તેવું સામે આવ્યું છે જે અપૂરતા પાઠ્યપુસ્તકને લઈને વિદ્યાર્થીઓના ભણતર ઉપર ખૂબજ મોટી માઠી અસર પડી રહી છે જેને લઈને રાણપુર તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે.


### મહિલા બુટલેગર સાબરકાંઠાથી મંગાવતી હતી દારૂ

## રસોડામાં ઘઉંના કટ્ટાની નીચે ગુપ્ત ભોંયરામાંથી દારૂની 289 બોટલ મળી : દહેગામના વટવા ગામમાં LCB ત્રાટકી

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસ સ્ટેશનની હદમાં સ્થાનિક પોલીસની કામગીરી સામે સતત સવાલો ઉઠી રહ્યા છે. થોડા વખત અગાઉ દહેગામ વિસ્તારમાં દેશી દારૂ પીવા ગયેલા એક વ્યક્તિનું શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજ્યું હતું અને તેમનો મૃતદેહ બુટલેગરના ઘરથી માત્ર બે કિમી દૂર બિનવારસી હાલતમાં મળી આવતા પોલીસની ભૂમિકા સામે પરિવારે ગંભીર આક્ષેપો કર્યા હતા. આ ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં તો હવે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચે દહેગામ પોલીસની હદમાં વટવા ગામના વચલાવાસમાં રહેતી મહિલા બુટલેગરના ઘરે ત્રાટકી લોખંડના ઢાંકણાવાળું ભોંયરું શોધી કાઢી 44 હજારની કિંમતનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

દહેગામ પંથકમાં દેશી દારૂના દૂષણ અને શંકાસ્પદ મોતના બનાવો બાદ પણ સ્થાનિક પોલીસની આંખ ઉઘડતી નથી. તાજેતરમાં બુટલેગરના ઘર નજીકથી આધેડનો મૃતદેહ મળી આવતા પોલીસની કામગીરી સામે લોકરોષ ભભૂકી



ઉઠ્યો હતો. ત્યારે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડી.બી. વાળાની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે દહેગામના વટવા ગામના વચલાવાસમાં રહેતી કાન્તાબેન રઈજીજી સોલંકી પોતાના ઘરે વિદેશી દારૂનો વેપાર કરે છે.

આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડ્યો હતો. ઘરની અંદર તપાસ કરતા રસોડાના રૂમમાં ઘઉંના કટ્ટાની નીચે લોખંડના ઢાંકણાવાળું ગુપ્ત ખાનું એટલે કે ભોંયરું મળી આવ્યું હતું. આ ગુપ્ત ખાનામાં તપાસ કરતા વિદેશી દારૂની બોટલો અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો.

### 'તારે જે ઉખાડવું હોય તે ઉખાડી લેજે'

## ડાકોરમાં ખાખી શર્મસાર થઇ : પોલીસ કોન્સ્ટેબલે એડવોકેટ સાથે કરી ગેરવર્તણૂક

ડાકોર

યાત્રાધામ ડાકોરમાં કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આણંદથી ડાકોર પોતાની સાસરીમાં ગયેલા એક એડવોકેટ સાથે સ્થાનિક પોલીસ કોન્સ્ટેબલે ભારે ગેરવર્તન કર્યું હોવાની ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. કાયદાનું જ્ઞાન ધરાવતા વકીલ સાથે જ પોલીસકર્મીએ ખુલ્લેઆમ દાદાગીરી કરતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, આણંદના એક એડવોકેટ ડાકોર ખાતે પોતાની સાસરીમાં આવ્યા હતા. ડાકોરની એક સોસાયટીમાં પ્રવેશવા બાબતે ત્યાં વિવાદ સર્જાયો હતો. આ દરમિયાન ત્યાં ફરજ પર હાજર પોલીસ કોન્સ્ટેબલ વિમલ વાલજીભાઈ (બકલ નંબર ૯૨૭) ભાન ભૂલ્યા હતા. તેમણે સ્થાનિક વ્યક્તિનું ઓળખપત્ર (આધારકાર્ડ) મંગાવ્યું હોવા છતાં સોસાયટીમાં એન્ટ્રી આપી ન હતી.

વાત આટલેથી ન અટકતા, પોલીસ કોન્સ્ટેબલ વિમલ વાલજીભાઈએ કાયદાના રક્ષક હોવાનો રોફ ઝાડીને એડવોકેટને જાહેરમાં ધમકી આપી દીધી હતી. વિડિયોમાં સામે આવ્યા મુજબ કોન્સ્ટેબલે વકીલને પડકાર ફેંકતા કહ્યું કે, 'તારે જે ઉખાડવું હોય તે ઉખાડી લેજે, હું જોઈ લઈશ.'

### PM આવાસ યોજના હેઠળના

## ગુડા આવાસમાં રહેતા એક સામાન્ય લાભાર્થીને વીજ કંપનીએ રૂપિયા 4,97,420.38નું જંગી વીજ બિલ ફટકાર્યું

ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL) ની ગંભીર બેદરકારી સામે આવી છે. આજે 3 જુલાઈના ન્યૂ વાવોલ વિસ્તારમાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના ગુડા આવાસમાં રહેતા એક સામાન્ય લાભાર્થીને વીજ કંપનીએ અચાનક રૂ. 4,97,420.38નું જંગી વીજ બિલ ફટકારતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સામાન્ય ઘરગથ્થુ વપરાશ કરતા પરિવાર માટે લાખો રૂપિયાનું આ બિલ હાલ તો આર્થિક આફતથી ઓછું નથી.

પાટનગરમાં એક તરફ સામાન્ય લોકો મોંઘવારીનો સામનો કરી રહ્યા છે, ત્યાં બીજી તરફ સરકારી તંત્રની બેદરકારી ગરીબ




પરિવારો માટે આફત બનીને તૂટી પડી છે. ગાંધીનગરના ન્યૂ વાવોલ સ્થિત પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીને UGVCL દ્વારા રૂ. 4,97,420.38નું આસમાની બિલ ફટકારવામાં આવ્યું છે. જેણે આખા વિસ્તારમાં હડકંપ મચાવી દીધો છે. પીડિત લાભાર્થી રણજીત ઠાકુરે જણાવ્યું હતું કે, તેમના ઘરમાં અન્ય મધ્યમવર્ગીય પરિવારોની જેમ જ વીજળીનો વપરાશ થાય છે. મહિનાના અંતે સામાન્ય બિલ આવતું હોય છે, પરંતુ આ વખતે હાથમાં આવેલું બિલ જોઈને પરિવારના હોશ ઉડી ગયા હતા. વીજ કંપની દ્વારા મોકલવામાં આવેલા આ આસમાની બિલના આંકડા જોઈને પરિવાર આર્થિક અને માનસિક રીતે ભાંગી પડ્યો છે. ઘરની આર્થિક સ્થિતિ સામાન્ય હોય ત્યારે આટલી મોટી રકમ ક્યાંથી ભરવી તે પ્રશ્ન તેમને મૂંઝવી રહ્યો છે. આ મામલે સ્થાનિક રહીશોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓના મતે આ કોઈ ટેકનિકલ ખામી કે મીટર રીડિંગમાં થયેલી ગંભીર ભૂલ હોઈ શકે છે. આટલો મોટો વપરાશ કોઈ સામાન્ય ઘરગથ્થુ મીટરમાં શક્ય જ નથી. આવાસ યોજના હેઠળ રહેતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે સરકાર દ્વારા સુવિધા આપવામાં આવે છે.

પાક્કો ગુજરાત

શનિવાર | 04 જુલાઈ 2026 | અમદાવાદ

### રાજ્યને મળ્યા 2,389 નવા મહેસૂલી તલાટી

# તલાટી ગામડાની કરોડરજ્જુ, લોકોના ધક્કા ઘટાડીને સેવા આપશો તો આશીર્વાદ મળશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીએ તમામ નવનિયુક્ત કર્મચારીઓને વિકસિત ભારત અને વિકસિત ગુજરાતના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું




ગાંધીનગર

રાજ્યના મહેસૂલ તંત્રને વધુ મજબૂત બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુરુવારે ગાંધીનગરના સેક્ટર-17 ટાઉનહોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મહેસૂલી તલાટી (વર્ગ-3) સંવર્ગના કુલ 2,389 નવનિયુક્ત ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદગી પામેલા આ યુવાનો હવે રાજ્યના મહેસૂલ વહીવટમાં મહત્વપૂર્ણ જવાબદારી સંભાળશે.

કાર્યક્રમ દરમિયાન રાજ્ય સરકારે ટેક્નોલોજી આધારિત મહેસૂલી વહીવટને વધુ પારદર્શક અને ઝડપી બનાવવા માટે અનેક નવી પહેલોની પણ શરૂઆત કરી. iRCMS પોર્ટલ પર ઈ-ફાઈલિંગ સુવિધા શરૂ કરવામાં આવી, જેના કારણે મહેસૂલ વિભાગમાં પેપરલેસ અને સ્માર્ટ વહીવટને વધુ વેગ મળશે. સાથે જ નાગરિકોના સીધા પ્રતિભાવ મેળવવા માટે QR કોડ આધારિત સેન્ટ્રલાઈઝ્ડ સિસ્ટમ 'REVA (Revenue Voice and Assistance)' લોન્ચ કરવામાં આવી. ઉપરાંત 21 મહેસૂલી સેવાઓને ઓનલાઈન કરવામાં આવતાં નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ઓછા ખાવા પડશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવનિયુક્ત તલાટીઓને સંબોધતા કહ્યું કે 'તલાટી' શબ્દ વર્ષો જૂનો છે અને ગામડાની વહીવટી વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે. ગામના દરેક પરિવાર અને દરેક વ્યક્તિની માહિતી તલાટી પાસે હોય છે. કરોડરજ્જુ મજબૂત રહેશે તો સમગ્ર વ્યવસ્થા મજબૂત રહેશે. તેમણે જણાવ્યું કે એક તલાટી વ્યક્તિના જીવનમાં મોટું પરિવર્તન લાવી શકે છે. મુશ્કેલીમાં રહેલા લોકોને સમયસર અને સંવેદનશીલ સેવા આપશો તો તેમના આશીર્વાદ ભગવાનના આશીર્વાદ સમાન ગણાશે. લોકોના અનાવશ્યક ધક્કા ઘટાડવા અને સરળતાથી કામ થાય તે માટે કાર્ય કરવાની તેમણે અપીલ કરી. મુખ્યમંત્રીએ પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ક્યારેક સામાન્ય લોકોને અધિકારીઓને મળવા રાહ જોવી પડતી હોય છે, જ્યારે કેટલાક લોકો સીધા જ અંદર પહોંચી જતા હોય છે. 'જે વાતનું દુઃખ આપણને થયું હોય, સત્તા કે જવાબદારી મળે પછી એ ભૂલવી ન જોઈએ,' તેમ કહી તેમણે તમામ અધિકારીઓને સંવેદનશીલ અને સમાન વ્યવહાર રાખવાની સલાહ આપી. તેમણે વેરિફિકેશન પ્રક્રિયામાં થતી વિલંબની બાબતનો પણ ઉલ્લેખ કરીને કહ્યું કે તેમાં જરૂરી સુધારા થવા જોઈએ જેથી ઉમેદવારોને અનાવશ્યક મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે.

### વરુણદેવને રીઝવવા વેપારીઓએ બંધ પાળ્યો

# અંબાજીમાં વરસાદ માટે વેપારીઓ ધંધા-રોજગારથી અળગા રહ્યા



અંબાજી

સમગ્ર ગુજરાતમાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે શક્તિપીઠ અંબાજી ખાતે વર્ષોથી એક પરંપરા રહી છે કે ઉજાણી રાખવામાં આવે તો જ સારો વરસાદ આવતો હોય છે, જેના પગલે અંબાજી પંથકમાં વરસાદની અછતને કારણે વેપારીઓએ વરુણદેવને રીઝવવા માટે શુક્રવારે પોતાના ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા.સમગ્ર અંબાજીના બજારો સુમસામ જોવા મળ્યા હતા, જ્યાં દરેક વેપારીએ સ્વેચ્છાએ પોતાની દુકાનો બંધ રાખી હતી. અંબાજી મંદિરમાં આવેલા અંબીકેશ્વર મહાદેવને પણ પાણીમાં ડૂબાડવામાં આવ્યા હતા અને વરસાદ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ભોજનને લઈને યાત્રિકોને કોઈ તકલીફ ન પડે તે માટે અંબાજી મંદિરનું ભોજનાલય ખુલ્લુ રહ્યું હતું.વરુણદેવને રીઝવવા માટે વેપારીઓએ ઘરેથી જમવાનું લઈને વનમાં 'વન ભોજન'નું આયોજન કર્યું હતું.આ ઉપરાંત, અંબાજી મંદિરમાં પણ વરુણદેવને પ્રસન્ન કરવા માટે મહિલાઓ દ્વારા ભજન કીર્તન કરવામાં આવ્યા હતા.કેટલીક જગ્યાએ હોમ-હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. અંબાજી મંદિરમાં આવેલા અંબીકેશ્વર મહાદેવ મંદિરના શિવલિંગને નંદીની મૂર્તિ સુધી પાણીથી ભરવામાં આવ્યું હતું.

શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે વરસાદ ન આવતો હોય તો મહાદેવને પાણીમાં ડૂબાડવામાં આવે તો ચોક્કસ વરસાદ વરસતો હોય છે. મહાદેવને વરસાદ સારો આવે તેવી પ્રાર્થના કરી આરતી કરવામાં આવી હતી.

### ધાનેરા-પાલનપુરની મુસાફરી અને ખૂલ્યું 'રહસ્ય'

# GSRTC વોલ્વો બસોના નામે મોટું કૌભાંડ? સરકારી લોગો, પ્રાઇવેટ વહીવટ અને જનતાની લૂંટનો સનસનીખેજ આક્ષેપ

અમદાવાદ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) જે સામાન્ય જનતાની જીવાદોરી ગણાય છે, તેના જ એક મુસાફરે એસટી નિગમની વોલ્વો અને એસી બસોના સંચાલનને લઈને અત્યંત ગંભીર સવાલો ઉઠાવ્યા છે. સરકારી લોગો પાછળ ચાલતા પ્રાઈવેટ ખેલ અને જનતાના ટેક્સના પૈસાના વેડફાટ અંગે એક જાગૃત નાગરિકે પોતાનો કડવો અનુભવ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જે હવે ચર્ચાનો વિષય બન્યો છે.

એક મુસાફરે બે દિવસ પહેલા ધાનેરાથી પાલનપુર જવા માટે GSRTCની એસી



ડિલક્સ વોલ્વો બસ પકડી હતી. ભાડું ૧૧૮ રૂપિયા ચૂકવ્યા બાદ, જ્યારે તેમણે નિયમિત અપડાઉન કરતા મુસાફરો માટે પાસની સુવિધા અંગે કંડક્ટરને પૂછ્યું, ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી. કંડક્ટરે જણાવ્યું કે આ બસોમાં પાસની કોઈ સુવિધા હોતી નથી.

મુસાફરના આક્ષેપ મુજબ, આ બસો ભલે GSRTCના નામે ચાલતી હોય, પણ તેનો અસલી વહીવટ પ્રાઈવેટ ઓપરેટરો દ્વારા થાય છે.

કિલોમીટર આધારિત ખેલ: નિગમ આ ખાનગી ઓપરેટરોને કિલોમીટર પ્રમાણે ફિક્સ રકમ ચૂકવે છે. બસમાં પેસેન્જર મળે કે ન મળે, ખાનગી ઓપરેટરની કમાણી પાકી રહે છે!

પગારની વિસંગતતા: ડ્રાઈવરનો પગાર પ્રાઈવેટ ઓપરેટર ચૂકવે છે, જ્યારે ટિકિટની આવક નિગમ પાસે જતી હોવાથી કંડક્ટરનો પગાર નિગમે (એટલે કે સરકારે) ચૂકવવો પડે છે.

ત્યાં સવાલ એ ઊભો થાય છે કે જો બસ ખાલી દોડે તો પણ પ્રાઈવેટ માલિકોને તો પૂરતા પૈસા મળી જ જાય છે, તો આમાં નુકસાન કોનું? સીધું નિગમનું અને પરોક્ષ રીતે જનતાનું!

આ આખી વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા નાગરિકે લખ્યું છે કે, 'જો થોડું પણ વેપારી દિમાગ દોડાવીએ તો સમજાય કે આમાં ફાયદો માત્ર પ્રાઈવેટ ઓપરેટરોને જ છે. હવે તપાસનો વિષય એ છે કે GSRTC સાથે આવા કરાર કરનારી પ્રાઈવેટ કંપનીઓ અને બસોના માલિકો કોણ છે? શું તેઓ સરકારના મળતીયા છે કે સત્તામાં બેઠેલા નેતાઓની જ ભાગીદારી છે?'


### આકાઓને અંધારામાં રાખી 'લાડીલાઓ'ને હોદ્દા લહાણી!

# અંબાજીમાં વિવાદનો વિસ્ફોટ : ભાજપ 'શિસ્તબદ્ધ' કે 'દાગી-બદ્ધ'?

અંબાજી

શિસ્તબદ્ધ પાર્ટી ગણાવતી ભારતીય જનતા પાર્ટીના આંતરિક ડબ્બા ગુલ થઈ ગયા હોય તેવો ઘાટ અંબાજીમાં સર્જાયો છે. તાજેતરમાં જાહેર થયેલા અંબાજી ભાજપ મંડળના મોર્ચા અને યુવા મોર્ચાના માળખાએ પક્ષના પાયાના કાર્યકરોમાં તો ઠીક, પણ સજ્જન નાગરિકોમાં પણ હાસ્ય . સૂત્રોના જણાવ્યા અનુસાર, જેમના બાયોડેટામાં પક્ષ પ્રત્યેની વફાદારી કરતાં 'દાગી' રેકોર્ડ વધુ ઉજળો છે, તેવા તત્વોને જિલ્લા ભાજપ દ્વારા લાલ જાજમ પાથરીને હોદ્દા પધરાવી દેવામાં આવ્યા છે. સામાન્ય રીતે ભાજપમાં કોઈ નાનો હોદ્દો મેળવવા માટે પણ ત્રણ પેઢીના નેતાઓ અને સંગઠનની કસોટીમાંથી પસાર થવું પડે છે. પરંતુ અંબાજીમાં કોઈ એવા 'ચમત્કારી ગુરુ' સક્રિય થયા છે જેમણે બનાસકાંઠા જિલ્લા ભાજપના મોવડી મંડળની આંખે પાટા બાંધી દીધા.

પાર્ટીના જ અંદરના વર્તુળોમાં ગણગણાટ છે કે,



'પક્ષને ડફોળ સાબિત કરવા પાછળ કયા મોટા માથાનો હાથ છે?' આ એવા નેતાઓ છે જેઓ પક્ષના સિદ્ધાંતોને ખિસ્સામાં રાખીને પોતાના અંગત સ્વાર્થ અને ચમચાઓને સેટ કરવામાં વ્યસ્ત છે. હાઈકમાન્ડ ભલે રાષ્ટ્રવાદ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસનની વાતો કરતું હોય, પણ અંબાજીમાં તો 'દાગ અચ્છે હૈ' ની નીતિ ચાલી રહી હોય તેમ જણાય છે.

વર્ષોથી પક્ષનો ઝંડો ઉઠાવનારા, ઉનાળાના તડકામાં સભાઓની ખુરશીઓ ગોઠવનારા અને પાયાની મહેનત કરનારા નિષ્ઠાવાન કાર્યકરો આ નિમણૂકોથી ભારે નારાજ છે. એક કાર્યકરે નામ ન આપવાની શરતે કટાક્ષ કર્યો: 'અમે તો માત્ર પક્ષના નારા લગાવવા માટે જ છીએ. હોદ્દાની મલાઈ તો એમને જ મળશે જેમના પર કાયદાની મહેરબાની હોય અથવા જેઓ મોટા નેતાઓના ચરણસ્પર્શ કરતા હોય!'જે પક્ષ રાત-દિવસ શિસ્તના પાઠ ભણાવે છે, તેના ફિલ્ડ મોર્ચા અને યુવા મોર્ચાની નિમણૂકો વખતે કેમ ચોકઅપ થઈ ગયા? હવે જોવાનું એ રહેશે કે પ્રદેશ ભાજપ આ 'ડફોળ' સાબિત થયેલા માળખા પર કોઈ એક્શન લે છે કે પછી 'સબ ભૂમી ગોપાલ કી' સમજીને આંખ આડા કાન કરે છે!

# સુરત પોલીસની સરાહનીય કામગીરી: 'તેરા તુજ કો અર્પણ' કાર્યક્રમ હેઠળ લૂંટના રૂપિયા 35 લાખ ફરિયાદીને પરત સોંપાયા

સુરત

'સુરત શહેર પોલીસ તમારી સાથે, તમારા માટે' – આ સૂત્રને સુરત પોલીસે ફરી એકવાર હકીકતમાં બદલીને પ્રજાનો ખાખી વર્દી પરનો વિશ્વાસ વધુ મજબૂત કર્યો છે. રાંદેર વિસ્તારમાં થયેલી એક મોટી લૂંટના કેસમાં ગણતરીના દિવસોમાં જ લૂંટાયેલી પૂરેપૂરી રકમ રિકવર કરીને, સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલૌત સાહેબના હસ્તે ફરિયાદીને પરત સોંપવામાં આવી છે. પોલીસની આ ત્વરિત અને પ્રામાણિક કામગીરીની શહેરભરમાં પ્રશંસા થઈ રહી છે. મળતી માહિતી મુજબ, થોડા સમય પહેલાં સુરતના રાંદેર વિસ્તારમાં એક સનસનીખેજ લૂંટની ઘટના સામે આવી હતી, જેમાં ફરિયાદી પાસેથી રૂ. ૩૫ લાખની મોટી રકમ લૂંટી લેવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતાં પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ રાંદેર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કની મદદથી પોલીસે ગુનેગારોને દબોચી લીધા હતા અને તેમની પાસેથી લૂંટના પૂરેપૂરા ૩૫ લાખ રૂપિયા રિકવર કરવામાં મોટી સફળતા મેળવી હતી.

સામાન્ય રીતે લોકોને એવો ભ્રમ હોય છે કે પોલીસ કેસમાં ગયેલા પૈસા પાછા મળવામાં વર્ષો નીકળી જાય છે. પરંતુ સુરત પોલીસે આ માન્યતાને ખોટી સાબિત કરી છે. સુરત પોલીસ કમિશનરેટ ખાતે યોજાયેલા ખાસ "તેરા તુજ કો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત, પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલૌત સાહેબે પોતે ફરિયાદીને બોલાવીને તેમના મહેનતના ૩૫ લાખ રૂપિયા આદરપૂર્વક સુપ્રત કર્યા હતા. પોતાની કમાણી પાછી મળતા ફરિયાદીના ચહેરા પર ખુશીની લહેર દોડી ગઈ હતી અને તેમણે સુરત પોલીસનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ પ્રસંગે સુરત પોલીસ કમિશનરે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે શહેરમાં કાયદો અને વ્યવસ્થા સાથે રમત રમનાર કોઈપણ ગુનેગાર બચી શકશે નહીં. પોલીસ માત્ર ગુના શોધતી નથી, પણ નાગરિકોના નુકસાનની ભરપાઈ કરાવવા માટે પણ એટલી જ કટિબદ્ધ છે.

## વડોદરામાં બંધ પડેલા વોટર લેવલ સેન્સર સમારકામ બાદ ફરી કાર્યરત

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ શહેરના ૯ સ્થળોએ પાણીના જળસ્તર પર નજર રાખવા વોટર લેવલ સેન્સર લગાવ્યા છે. જોકે ચોમાસાની શરૂઆતમાં મુજમહુડા બ્રિજ, વડસર બ્રિજ, પ્રતાપ સરોવરના સેન્સર બંધ હોવાનું સામે આવ્યું હતું. બે સ્થળે કેબલ કપાઈ જતાં અને એક સ્થળે મેન્ટેનન્સના કારણે સિસ્ટમ બંધ હતી, જેના કારણે ઓનલાઈન માહિતી ઉપલબ્ધ ન હતી.

આ અંગે બેદરકારી છતી થતા મ્યુનિસિપલ તંત્ર હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક સમારકામ હાથ ધરી બંધ પડેલા તમામ વોટર લેવલ સેન્સર ફરી કાર્યરત કરાયા છે. હવે ફરીથી જળસ્તરની રિયલ ટાઈમ માહિતી કંટ્રોલ રૂમ અને અધિકારીઓને ઉપલબ્ધ થઈ રહી છે.

# ખેડા એલસીબીની મોટી સફળતા : પ્રોહિબિશન કેસમાં નાસતો ફરતો આરોપી વિજય ઉર્ફે લાલો પરમાર ઝડપાયો

ખેડા

ગુજરાતમાં દારૂબંધીના કાયદાનું કડક પાલન કરાવવા માટે પોલીસ એક્શન મોડમાં છે, ત્યારે ખેડા એલસીબી (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) અને ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને એક મોટી સફળતા મેળવી છે. પ્રોહિબિશન (દારૂબંધી)ના ગુનામાં લાંબા સમયથી પોલીસને થાપ આપીને નાસતો ફરતો વડતાલનો કુખ્યાત આરોપી વિજય ઉર્ફે લાલો પરમાર આખરે પોલીસના સકંજામાં આવી ગયો છે.



મળતી માહિતી મુજબ, આરોપી વિજય ઉર્ફે લાલો પરમાર (રહે. વડતાલ) સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હતો. ધરપકડથી બચવા માટે તે સતત પોતાના સગા-સંબંધીઓ અને અલગ-અલગ જગ્યાએ આશરો લઈ પોલીસને હાથતાળી આપી રહ્યો હતો. જોકે, ખેડા એલસીબી પોલીસની ટીમ તેના પર સતત વોચ રાખી રહી હતી.

આરોપીની હિલચાલ અંગે ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબી ટીમને ચોક્કસ અને સચોટ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ટીમ બનાવીને ચોક્કસ લોકેશન પર દરોડો પાડ્યો હતો અને આરોપી વિજય ઉર્ફે લાલા પરમારને દબોચી લીધો હતો.

નાસતા ફરતા આરોપીની ધરપકડ બાદ પોલીસે તેની સઘન પૂછપરછ શરૂ કરી છે. પ્રોહિબિશનના આ નેટવર્કમાં તેની સાથે અન્ય કોણ કોણ સામેલ છે અને તે અત્યાર સુધી ક્યાં આશરો લઈ રહ્યો હતો, તે દિશામાં પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ કામગીરીથી સ્થાનિક બુટલેગરો અને ગુનાહિત પ્રવૃત્તિ આચરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# સાબરકાંઠા LCBને મોટી સફળતા સોલાર પ્લાન્ટમાંથી કેબલ ચોરી કરતી આંતરરાજ્ય ગેંગના બે આરોપી ઝડપાયા

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ને સોલાર પ્લાન્ટમાંથી કોપર કેબલની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કરવામાં મહત્વની સફળતા મળી છે. મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના બે આરોપીઓને ઝડપી તેમની પાસેથી રૂ. 60 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સાથે જ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કુલ ત્રણ વણશોધાયેલા ગુનાઓનો ભેદ પણ ઉકેલવામાં આવ્યો છે.પોલીસના જણાવ્યા મુજબ ઈડર તાલુકાના નેત્રામલી નજીક AZURE POWER THIRTY THREE PVT. LTD.ના સોલાર પ્લાન્ટમાંથી અલગ-અલગ સમયે ચાર વખત કોપરના ICx4SQmm રેડ અને બ્લેક કેબલો કાપીને ચોરી કરવામાં આવી હતી. આ અંગે ઈડર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જિલ્લા પોલીસ વડાની સૂચના બાદ એલસીબીએ ટેકનિકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ, ડમ્પ ડેટા અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન બાતમીના આધારે દેવગઢ કંપા ત્રણ રસ્તા નજીક વોચ ગોઠવી મધ્યપ્રદેશ પાસિંગની પલ્સર



મોટરસાયકલ પર આવી રહેલા બે શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની પાસેથી મોટરસાયકલ, બે મોબાઈલ ફોન તથા કેબલ કાપવાની કટર મળી આવતા પૂછપરછમાં તેઓ સોલાર પ્લાન્ટ અને પવનચક્કીઓમાંથી કોપર કેબલ ચોરી કરતી ગેંગના સભ્યો હોવાનું બહાર આવ્યું હતું.પોલીસે આરોપીઓ પાસેથી રૂ. 50 હજાર કિંમતની પલ્સર-150 મોટરસાયકલ, રૂ. 10 હજારના બે મોબાઈલ ફોન તથા કેબલ કાપવાની કટર સહિત કુલ રૂ. 60 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.ઝડપાયેલા આરોપીઓમાં રાહુલ ઉર્ફે વાઘેશ્વર દેવા કટારા (ઉ.વ. 23) અને રાજેશ લાલુ હામજી કટારા (ઉ.વ. 29), બંને રહેવાસી અમરપુરા ખુર્દ, તાલુકો બાજના, જિલ્લા રતલામ (મધ્યપ્રદેશ)નો સમાવેશ થાય છે.

### જીવતેજીવ તો ઠીક, અહી મોત પછી પણ નથી જળવાતો મલાજો !

# શહેરા તાલુકાના મંગલિયાણા ગામે પાણીના કોતરની વચ્ચે બનાવેલુ સ્મશાન બિસ્માર બનતાં અકસ્માતની ભીતી

શહેરા, પંચમહાલ

માનવીના જીવતેજીવ તો મુશ્કેલીઓનો કોઈ અંત નથી હોતો, પરંતુ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના મંગલિયાણા ગામે તો 'મોત પછી મલાજો પણ નથી જળવાઈ રહ્યો. અહીં આવેલા ગામનું સ્મશાન ગૃહ વર્ષોથી અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયું છે, જેના કારણે સ્થાનિક ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ચોંકાવનારી વિગત એવી છે કે વર્ષો પહેલાં જ્યારે આ સ્મશાનનું નિર્માણ કરવામાં આવ્યું, ત્યારે ભૌગોલિક પરિસ્થિતિનો કોઈ જ અંદાજ મેળવ્યા વિના તેને ચોમાસામાં પાણીથી છલોછલ ભરાઈને વહેતા એક મોટા કોતરની વચ્ચોવચ બાંધી દેવાયું હતું. આ ભયંકર ભૂલના કારણે દર ચોમાસામાં મંગલિયાણા જંગલ વિસ્તારનું તમામ પાણી આ



કોતરમાં ધસી આવે છે અને આખું સ્મશાન ગૃહ જાણે કોઈ મિની નદી કે ટાપુની વચ્ચે હોય તેવી ભયાવહ સ્થિતિ સર્જાય છે. પાણીના સતત તીવ્ર પ્રવાહના કારણે સ્મશાનના પાયાના પથ્થરો પણ નીકળી ગયા છે અને આખું માળખું નીચેથી પોલું થઈ ગયું છે. ગામના પગી ફળિયા, ટાંડી ફળિયા તેમજ ગોપી પેટા ફળિયા સહિતના લોકો વર્ષોથી અંતિમ સંસ્કાર માટે આ સ્મશાન પર નિર્ભર છે, પરંતુ ચોમાસા દરમિયાન કોતરમાં ઘોડાપૂર આવવાના કારણે ડાઘુઓ માટે સ્મશાન સુધી પહોંચવું જ અશક્ય બની જાય છે.

આવી સ્થિતિમાં જ્યારે ગામમાં કોઈ વ્યક્તિ મરણ પામે ત્યારે અંતિમ સંસ્કાર મજબૂરીવશ આસપાસની ખુલ્લી પડતર જમીન પર કરવાની ફરજ પડે છે, જે અત્યંત આઘાતજનક બાબત છે.સ્મશાનને જોતા સ્પષ્ટ દેખાઈ આવે છે કે સ્મશાનનું જે વેન્ટિલેશન ઓપનિંગ (ધુમાડો બહાર નીકળવાની જગ્યા એટલે કે ચીમની) છે, તેનું કામ પણ અધૂરું છોડી વેઠ ઉતારવામા આવી છે. આખું સ્મશાન ગૃહ પાયામાંથી હલી ગયું હોવાથી અત્યંત જોખમી બની ચૂક્યું છે. જો અગ્નિસંસ્કારની વિધિ ચાલતી હોય અને મોટી સંખ્યામાં ડાઘુઓ ત્યાં હાજર હોય તેવા સમયે જ આ જર્જરિત સ્મશાન ધસી પડે, તો કોઈ મોટી જાનહાનિ કે હોનારત સર્જાવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

### છોટાઉદેપુર તાલુકા તલાટી મંડળ દ્વારા

# મહેસુલી કામગીરી બંધ કરવા અંગે થયેલ આદેશની જાણ કરતો પત્ર અધિક કલેકટરને સુપરત કરાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

આજરોજ છોટાઉદેપુર તાલુકા તલાટી મંડળ દ્વારા ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળ અને જિલ્લા મંડળ દ્વારા મહેસુલી કામગીરી બંધ કરવા અંગે થયેલ આદેશની જાણ કરતો પત્ર અધિક કલેક્ટરને આપવામાં આવ્યો

આ પત્રમાં જણાવ્યું છે કે ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી દ્વારા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ ઉપરાંત મહેસુલ વિભાગ તથા અન્ય વિભાગોની કામગીરી પણ તલાટી કમ મંત્રી દ્વારા જ કરવામા આવે છે.

તલાટી કમ મંત્રી માટે સ્પષ્ટ અને સુવ્યસ્થિત જોબચાર્ટ ન હોવાથી તેમના પર અસંગત તથા અતિરીક્ત કામગીરીનો બોજો સતત વધી રહ્યો છે.જેના પરીણામે પંચાયત અને ગ્રામ વિકાસની મુળભુત કામગીરી ઉપર પ્રતિકુળ અસર થઇ રહી છે. જે અંગે ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળ દ્વારા નામ. સરકારમા તલાટી કમ મંત્રીઓના જોબચાર્ટ બાબતે અવાર નવાર લેખિતમાં રજુઆતો કરેલ છે.અને આ બાબતે સરકારશ્રી દ્વારા



કમિટીની રચના પણ થયેલ છે. આમ છતાં સરકારશ્રી દ્વારા મહેસુલ વિભાગની કામગીરી તેમજ પંચાયત તથા ગ્રામ વિકાસની કામગીરી બાબતે અલગ કરવા માટે જોબચાર્ટ નક્કી થઇ ન શકતા . ગુજરાત તલાટી કમ મંત્રી મહામંડળ ના આદેશથી પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયની તમામ વિભાગોની કામગીરી સદતંર બંધ કરવા જણાવવામાં આવ્યું છે.

## તંત્રી લેખ...

# ચીનની ઘૂસણખોરીના દાવા, કેન્દ્રે સાંસદોને મોકલીને શંકા દૂર કરી શકે

અરુણાચલ પ્રદેશ અત્યારે એક તરફ ભારે વરસાદના કારણે આવેલા પૂર સામે ઝઝૂમી રહ્યું છે અને ભારે તબાહીથી બેવડ વળી ગયું છે ત્યારે બીજી તરફ અરુણાચલ પ્રદેશની બીજી જમીન ચીને પડાવી લીધી હોવાના આક્ષેપ થયા છે. અરુણાચલ પ્રદેશના નાહ આદિવાસી સમુદાયે આક્ષેપ કર્યો છે કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ છેલ્લાં છ વર્ષમાં અરુણાચલ પ્રદેશમાં મોટા પાયે ઘૂસણખોરી કરીને હજારો ચોરસ કિલોમીટર જમીન બથાવી પાડી છે. જૂન 2020માં આ ખીણમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં ભારતના 20 સૈનિકો શહીદ થયા હતા. ચીને 1962ના યુદ્ધ વખતે અરુણાચલ પ્રદેશનો 84 હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર પડાવી પાડેલો એ સિવાયનો વધારાનો વિસ્તાર ચીને પડાવી લીધો હોવાનો દાવો કરીને નાહ વેલ્ફેર સોસાયટી (એનડબ્લ્યુએસ)એ સુબાનસિરી જિલ્લાના કલેક્ટરને આવેદનપત્ર પણ આપ્યું છે. નાહ વેલ્ફેર સોસાયટીનો દાવો છે કે, ચીનના લશ્કરે તાક્સિંગ સેક્ટરમાં પાંચ પરંપરાગત નાહ પ્રદેશોમાં છાવણીઓ બનાવી છે અને રસ્તા તાણી બાંધ્યા છે. ઓયિંગ (આસાફિલા વિસ્તાર), પાનિયાર (ચુજરતા વિસ્તાર), માર્પન (મારનાફે), પોટ્રાંગ તળાવ અને ટિંડિંગટાંગ આ પાંચ વિસ્તારોમાં આદિવાસીઓનાં શિકારનાં મેદાન, ગૌચર એટલે કે પશુઓને ચરાવવાની જમીનો ઉપરાંત સાંસ્કૃતિક રીતે મહત્ત્વનાં સ્થળો પર પણ ચીનાઓએ કબજો કરી લીધો છે.



નાહ આદિવાસીઓને આ વિસ્તારોમાં જવા દેવાતા નથી ને કોઈ જવાની કોશિશ કરે તો ચીના ધોઈ નાંખે છે. નાહ વેલ્ફેર સોસાયટીના પ્રમુખ કેરુ ચાડેરે મીડિયાને પણ કહ્યું કે, છેલ્લા છ વર્ષમાં ચીનનો કબજો થતાં ભારતીય નાગરિકો પહેલાં મુક્તપણે ફરતા હતા એવા વિસ્તારોમાં જઈ શકતા નથી. આ વિસ્તારોમાં બૌદ્ધ ધર્મનાં ઘણાં મહત્વનાં ધર્મસ્થાન આવેલાં છે પણ ચીના લોકોને ત્યાં ફરકવા પણ દેતા નથી તેથી ભારતીયોનાં મૂળભૂત અધિકારોના ધજાગરા ઉડી રહ્યા છે. ભારત સરકારે આ દાવાઓને ખોટા ગણાવ્યા છે અને અરુણાચલ પ્રદેશમાં ચીને કોઈ ઘૂસણખોરી નહીં કરી હોવાની જૂની રેકર્ડ પાછી વગાડી છે. કેન્દ્ર સરકાર વતી કિરેન રિરિજુએ આ વાતને સાવ ખોટી ગણાવીને કહ્યું છે કે, ભારત અને ચીન વચ્ચેની સરહદ નક્કી થયેલી નથી તેથી બંને દેશોના સૈનિકો એકબીજાના પ્રદેશમાં થોડાક ઘૂસી જાય એવું બને છે પણ ચીને ભારતનો પ્રદેશ પચાવી પાડ્યો હોવાની વાત સાવ ખોટી છે. ભારતીય લશ્કરે પણ આ અહેવાલોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે ને કહ્યું છે કે, તાક્સિંગ કે બીજા કોઈ વિસ્તારમાં ચીને ઘૂસણખોરી કરી હોવાની વાતમાં દમ નથી. ભાજપ સરકાર આ વાતોને ખોટી ગણાવી રહી છે ત્યારે ભાજપના જ નાકપ નાલો સહિતના કેટલાક ધારાસભ્યોએ નાહ આદિવાસીઓની વાતમાં સૂર પુરાવ્યો છે. તાક્સિંગ સરહદ નજીકના બીજા સમુદાયોએ પણ નાહ આદિવાસીઓની વાતને સાચી ગણાવતાં અરુણાચલ પ્રદેશની સરકારે આ દાવાઓની સત્યતા ચકાસવા માટે તપાસ સમિતિ રચવાની જાહેરાત કરવી પડી છે. અરુણાચલ પ્રદેશમાં અત્યારે ભાજપના પેમા ખાંડુની સરકાર છે. ખાંડુ સરકારે રચેલી સમિતિ ક્યાં સુધીમાં રિપોર્ટ આપશે એ સ્પષ્ટ નથી પણ સમિતિ રચવી પડી તેના કારણે સરકાર ભીંસમાં છે એ સ્પષ્ટ છે. સ્થાનિક સ્તરે ઊહાપોહ થયો હોય તો જ સરકારે સમિતિ રચવી પડે, બાકી સરકાર આખી વાતને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખે. સમિતિના રિપોર્ટમાં શું આવશે એ ખબર નથી પણ આ દાવા-પ્રતિદાવાના કારણે ચીનની ભારતના પ્રદેશોમાં ઘૂસણખોરીનો મુદ્દો ફરી રાષ્ટ્રીય સ્તરે ચમકી ગયો છે. આ મુદ્દો એટલા માટે ગંભીર છે કે અત્યાર લગી ચીને લડાખ વિસ્તારમાં ઘૂસણખોરી કરી હોવાના આક્ષેપો થતા હતા. હવે ચીન અરુણાચલ પ્રદેશમાં ઘૂસણખોરી કરી રહ્યું હોવાના આક્ષેપો થયા છે. તેનો અર્થ એ થયો કે, ચીની નાપાક હરકતો માત્ર એક વિસ્તાર પૂરતી મર્યાદિત નથી પણ આખી ભારત સરહદે ચીન ગોરખધંધા કરી રહ્યુ છે. જૂન 2020માં ગલવાન ખીણમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ ત્યારથી ચીન ભારતના પ્રદેશોમાં બાંધકામ કરી રહ્યું છે અને ભારતના વિસ્તારો કબજે કરી રહ્યું છે એવા આક્ષેપો સતત થયા કરે છે. ગલવાન ખીણની અથડામણમાં ભારતના 20 સૈનિકો શહીદ થયા હતા ને ભારતની આબરૂનો ધજાગરો થઈ ગયો હતો. એ પછી ભારતે વળતો જવાબ આપીને ચીનના સૈનિકોને માર્યા હોવાના દાવા પણ થયા.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ખાખીનો અસલી તેજ: ગુજરાતના જાંબાઝ IPS રવિ તેજા, જેમની સિંઘમ શૈલીથી થથરે છે ગુનેગારો!

ખાસ પ્રોફાઈલ અહેવાલ: પાક્કો ગુજરાત ન્યૂઝ

ગુજરાત પોલીસ બેડામાં જ્યારે પણ કોઈ એવા અધિકારીની વાત આવે જે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં અડગ હોય અને ગુનેગારો માટે કાળ સાબિત થાય, ત્યારે આઈપીએસ (IPS) એસ. રવિ તેજાનું નામ અચાનક મોખરે આવી જાય છે. ૨૦૧૫ની બેચના આ તેજસ્વી આઈપીએસ અધિકારીએ પોતાની ટૂંકી પણ અત્યંત પ્રભાવશાળી કરિયરમાં સાબિત કરી દીધું છે કે ખાખી વર્દી માત્ર સત્તા ભોગવવા માટે નથી, પણ જનતાની સેવા અને અસામાજિક તત્વોના ખાતમા માટે છે.

ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં તેમની ફરજ દરમિયાન તેમણે લીધેલા કડક નિર્ણયો અને એક્શન મોડ પોલીસિંગને કારણે તેઓ આજે સોશિયલ મીડિયાથી લઈને સામાન્ય જનતાના દિલ સુધી છવાયેલા છે.



### કોણ છે IPS એસ. રવિ તેજા?

મૂળ આંધ્રપ્રદેશના વતની એવા એસ. રવિ તેજા વાસમશેટ્ટી બાળપણથી જ ભણવામાં તેજસ્વી હતા. એન્જિનિયરિંગની ડિગ્રી મેળવ્યા બાદ, દેશ સેવા અને સિસ્ટમમાં સકારાત્મક બદલાવ લાવવાના ઈરાદા સાથે તેમણે સિવિલ સર્વિસિસ તરફ પ્રયાણ કર્યું. ૨૦૧૫માં યુપીએસસી (UPSC) ની કઠિન પરીક્ષા પાસ કરીને તેઓ ભારતીય પોલીસ સેવામાં (IPS) જોડાયા અને તેમને ગુજરાત કેડર ફાળવવામાં આવી.

### ગુજરાતમાં જ્યાં પણ પોસ્ટિંગ થયું, ત્યાં ગુનેગારોના નેટવર્ક તોડી નાખ્યા!

IPS રવિ તેજાની સૌથી મોટી ખાસિયત એ છે કે તેઓ ગ્રાઉન્ડ લેવલ પર જઈને કામ કરવામાં માને છે. પ્રોબેઝનરી પિરિયડથી લઈને અત્યાર સુધી તેમની સફર શાનદાર રહી છે:

વડોદરા અને મહીસાગર: વડોદરા ગ્રામ્યમાં ડીવાયએસપી તરીકે કે મહીસાગરમાં એસપી (SP) તરીકે તેમની કામગીરી બેમિસાલ રહી. તેમણે સ્થાનિક બુટલેગરો, જુગારના અડ્ડાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતા માફિયાઓ પર કાયદાનો એવો હથોડો વીંઝ્યો કે ગુનેગારો કાં તો સુધરી ગયા અથવા જિલ્લો છોડીને ભાગી ગયા.

જૂનાગઢ અને પોરબંદર હદ: સૌરાષ્ટ્રના સંવેદનશીલ વિસ્તારોમાં જ્યારે પણ કાયદો-વ્યવસ્થા જાળવવાનો પ્રશ્ન આવ્યો, ત્યારે રવિ તેજાએ પોતાની કુશળ વહીવટી શક્તિનો પરિચય આપ્યો. વ્યાજખોરોના આતંકથી સામાન્ય જનતાને મુક્ત કરાવવા માટે તેમણે જે લોકદરબાર યોજ્યા અને કડક પગલાં લીધા, તેનાથી અસંખ્ય ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને નવું જીવન મળ્યું.

અમદાવાદ અને ગાંધીનગર રડાર: હાલમાં તેઓ વધુ મહત્વની જવાબદારીઓ સંભાળી રહ્યા છે, જ્યાં સાયબર ક્રાઈમ, વ્હાઈટ કોલર ક્રાઈમ અને ઓર્ગેનાઈઝ્ડ ગેંગ્સ સામે તેઓ ડિજિટલ અને ગ્રાઉન્ડ ઓપરેશન્સનું નેતૃત્વ કરી રહ્યા છે.

### ટેકનોલોજી અને મોર્ડન પોલીસિંગના હિમાયતી

આજના આધુનિક યુગમાં ગુનેગારો જ્યારે હાઈટેક બની રહ્યા છે, ત્યારે IPS રવિ તેજા ગુનાખોરીને ડામવા માટે સ્માર્ટ ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકે છે. સીસીટીવી સર્વેલન્સ, ડેટા એનાલિટિક્સ અને સોશિયલ મીડિયા મોનિટરિંગ દ્વારા ગુનાઓ બનતા પહેલાં જ અટકાવવાની દિશામાં તેમનું મોટું યોગદાન રહ્યું છે. ગુનાના મૂળ સુધી પહોંચીને આખી ગેંગને જેલના સળિયા પાછળ ધકેલવાની તેમની મોડસ ઓપરેન્ડીને કારણે અન્ય સ્ટાફ પણ ઉત્સાહથી કામ કરે છે.

### પોલીસ માટે કડક બોસ, જનતા માટે સાચા મિત્ર

સામાન્ય રીતે ખાખીનો ડર પ્રજામાં હોય છે, પણ રવિ તેજાની થિયરી અલગ છે. તેઓ માને છે કે, 'પોલીસનો ડર ગુનેગારોના મનમાં હોવો જોઈએ, સામાન્ય જનતાના મનમાં તો પોલીસ માટે માત્ર વિશ્વાસ હોવો જોઈએ.'

પોતાના તાબાના ભ્રષ્ટ કે નબળા કર્મચારીઓ સામે તેઓ કડક વલણ અપનાવતા અચકાતા નથી. જ્યારે કોઈ પીડિત કે ન્યાય માટે વલખાં મારતો સામાન્ય નાગરિક તેમની પાસે આવે છે, ત્યારે તેઓ ખૂબ જ નમ્રતાપૂર્વક તેની રજૂઆત સાંભળે છે અને ઓન ધ સ્પોટ ન્યાય આપવાનો પ્રયત્ન કરે છે.

### યુવાનો માટે પ્રેરણારૂપ રોલ મોડેલ

તેમની ફિટનેસ, શિસ્તબદ્ધ જીવનશૈલી અને નિષ્પક્ષ ઈમેજને કારણે ગુજરાતના લાખો યુવાનો તેમને પોતાના રોલ મોડેલ માને છે. ખાખી વર્દીનું ગૌરવ કેવી રીતે વધારી શકાય તે IPS એસ. રવિ તેજાના કરિયર પરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે. કોઈ પણ રાજકીય દબાણ વગર, કાયદાના દાયરામાં રહીને સિંઘમ સ્ટાઈલથી જનતાની રક્ષા કેવી રીતે થાય, તેનું તેઓ જીવતું જાગતું ઉદાહરણ છે.

ગુજરાત પોલીસ આવા જાંબાઝ, ઈમાનદાર અને પ્રજાભિમુખ આઈપીએસ અધિકારી પર ગર્વ અનુભવે છે. આગામી સમયમાં તેઓ રાજ્યમાં ગુનાખોરી મુક્ત વાતાવરણ ઊભું કરવામાં હજી વધુ પ્રશંસનીય સિદ્ધિઓ હાંસલ કરશે તેમાં કોઈ શંકા નથી.

# જ્યારે જિંદગી હતી ત્યારે એકલતા હતી, હવે મોત પર આટલી ભીડ કેમ?

## સમાજની આંધળી વાસ્તવિકતા પર એક ખુલ્લો પત્ર!

'जब ज़िंदा थी... तो अकेली थी...
अब मौत पर.. ये भीड़ कैसी..?'

માનવ સંબંધોના દંભ અને સમાજની ખોટી ભલાઈ પર પ્રહાર કરતી આ બે પંક્તિઓ આજે દરેક વ્યક્તિના અંતરાત્માને ઢંઢોળવા માટે પૂરતી છે. આપણે એવા સમાજમાં જીવી રહ્યા છીએ જ્યાં માણસ જીવતો હોય ત્યારે તેની કદર નથી થતી, પણ જેવો એ દુનિયા છોડીને ચાલ્યો જાય, એટલે આખું ગામ તેના ગુણગાન ગાવા અને સ્મશાન યાત્રામાં ખભો આપવા લાઈનો લગાવે છે. આ તે કેવો પ્રેમ અને આ તે કેવી સંવેદના?

જીવતેજીવ એકલતાનું ઝેર, મોત પછી ભીડનો દેખાડો!

આજની ભાગદોડ ભરેલી જિંદગીમાં આપણી આસપાસ એવા કેટલાય લોકો છે જેઓ ભીડમાં પણ એકલા અટૂલા જીવી રહ્યા છે. કોઈ વૃદ્ધ માતા-પિતા પોતાના સંતાનોના ફોનની રાહ જોતા જોતા આંખો મીંચી લે છે, તો કોઈ યુવાન માનસિક તણાવ અને એકલતા સામે લડતા લડતા જિંદગી હારી જાય છે. જ્યારે તેઓ જીવતા હતા, ત્યારે તેમની પાસે બેસીને બે મીઠા બોલ બોલવાનો પણ કોઈની પાસે સમય નહોતો. તેમને એક કપ ચા પૂછનાર કે 'તમે કેમ છો?' એટલું પૂછનાર પણ કોઈ નહોતું.

પરંતુ, જેવી એ વ્યક્તિ આ દુનિયામાંથી વિદાય લે છે, એટલે અચાનક સંબંધોની પૂર પૂર ઝડપે વહેવા લાગે છે. સોશિયલ મીડિયા પર 'RIP' ના સ્ટેટસ મૂકાવા લાગે છે, લાંબી-લાંબી પોસ્ટ લખીને તે વ્યક્તિ કેટલી મહાન હતી તેના ગુણગાન ગવાય છે અને બેસણા કે સ્મશાનમાં લોકોની ભારે ભીડ ઉમટી પડે છે. સવાલ એ થાય છે કે, આ ભીડ જીવતેજીવ ક્યાં ગઈ હતી?

દંભી સમાજ અને 'લોકો શું કહેશે' નો ડર

મોટાભાગે મોત પર ઉમટતી આ ભીડ આદર કે પ્રેમની નથી હોતી, પણ સમાજમાં પોતાની આબરૂ બતાવવાની અને 'લોકો શું કહેશે' તે ડરની હોય છે.

જીવતા માણસને આશ્વાસનની જરૂર હોય છે, ત્યારે બધા પીઠ ફેરવી લે છે.

મરેલા માણસને કોઈ ફરક નથી પડતો કે તેની પાછળ કેટલા લોકો રડી રહ્યા છે કે કેટલી મોંઘી અંતિમવિધિ થઈ રહી છે, છતાં ત્યાં અઢળક ખર્ચ અને ભીડ એકઠી કરાય છે.

આ એક કડવી વાસ્તવિકતા છે કે આપણે માણસના ગયા પછી તેની તસવીર પર મોંઘા હાર ચડાવીએ છીએ, પણ જ્યારે એ શ્વાસ લેતો હતો ત્યારે તેને પ્રેમનો એક નાનો છોડ પણ આપી શકતા નથી.

પાક્કો ગુજરાતનો સંદેશ: સમય રહેતા સંબંધોને સાચવો

આ લેખ માત્ર વાંચવા માટે નથી, પણ આપણા પોતાના વલણને બદલવા માટે છે. આપણી આસપાસ, આપણા પરિવારમાં કે મિત્રોમાં જો કોઈ એકલું અટૂલું હોય, તો તેના મોત પર ભીડનો હિસ્સો બનવા કરતા, તેના જીવતેજીવ તેની એકલતા દૂર કરનાર સાચો સાથી બનો.

કોઈના ગયા પછી અફસોસ કરવા કરતા, તે જ્યારે આપણી વચ્ચે છે ત્યારે તેને ગળે લગાવો, તેની સાથે સમય વિતાવો અને તેને અહેસાસ કરાવો કે તે એકલો નથી. કારણ કે, કબર કે સ્મશાનમાં બતાવેલો પ્રેમ એ પ્રેમ નથી, માત્ર એક સામાજિક વિધિ અને દેખાડો છે.


જિંદગી ટૂંકી છે અને માણસ ખૂબ કિંમતી છે. ચાલો, કોઈને જીવતેજીવ એકલતાના અંધકારમાંથી બહાર કાઢીએ, જેથી કોઈના ગયા પછી આ સવાલ ન પૂછવો પડે કે– 'હવે મોત પર આ ભીડ કેવી?'

# E20 પેટ્રોલ કે જનતા પર પ્રયોગ?

## ઈથેનોલ મિશ્રિત ઇંધણથી વાહનો થયા બરબાદ, સામાન્ય નાગરિકોનો પીએમ મોદીને પત્ર લખી આક્રોશ!

ખાસ આક્રોશ અહેવાલ, અમદાવાદ:

શું દેશની જનતા અને તેમના વાહનો સરકાર માટે માત્ર એક 'એક્સપેરિમેન્ટ લેબ' (પ્રયોગશાળા) બની ગયા છે? દેશભરમાં ટ્રેન્ડ થઈ રહેલા એક સનસનીખેજ મુદ્દાએ વાહનચાલકોમાં ભારે રોષ જગાડ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં ફરજિયાતપણે લાગુ કરવામાં આવી રહેલા E20 પેટ્રોલ (૨૦% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ) ને લઈને હવે જનતાનો પિત્તો ગયો છે. સોશિયલ મીડિયા પર નાગરિકો ખુલ્લેઆમ પોતાનો આક્રોશ ઠાલવી રહ્યા છે અને આ ગંભીર સમસ્યા અંગે સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.




ગાડીઓ બંધ, સ્પેરપાર્ટ્સ ખરાબ અને માઈલેજ ડાઉન: જનતા ત્રાહિમામ્!

સરકાર ભલે પર્યાવરણ અને ગ્રીન એનર્જીના નામે ઈથેનોલ બ્લેન્ડિંગની પીઠ થાબડતી હોય, પણ રસ્તા પર વાહન ચલાવતી સામાન્ય જનતા માટે આ નિર્ણય 'આફત' સાબિત થઈ રહ્યો છે. વાહનચાલકોના આક્ષેપ મુજબ E20 પેટ્રોલના કારણે:

એન્જિન અને પાર્ટ્સ બરબાદ: ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના કારણે વાહનોના કિંમતી સ્પેરપાર્ટ્સ અને એન્જિન ઝડપથી ખરાબ થઈ રહ્યા છે. જૂની ગાડીઓ રસ્તા પર અચાનક બંધ પડી રહી છે.

માઈલેજમાં મોટો ઘટાડો: પેટ્રોલના ભાવ આસમાને છે, ત્યારે ઈથેનોલવાળા બળતણથી ગાડીઓનું માઈલેજ પણ ઘટી ગયું છે. એટલે કે જનતાને બમણો આર્થિક ફટકો પડી રહ્યો છે.

'પ્રધાનમંત્રીને લખાશે પત્ર' – સોશિયલ મીડિયા પર જનતા એક થઈ!

આ જોરજુલમ અને ફરજિયાત થોપવામાં આવેલા નિર્ણય વિરુદ્ધ હવે એક મોટું અભિયાન શરૂ થયું છે. એક જાગૃત નાગરિકે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી છે કે તેઓ જનતા વતી વડાપ્રધાન મોદીને એક પત્ર લખવા જઈ રહ્યા છે. આ પત્રમાં લોકોના વાસ્તવિક નુકસાન અને ગુસ્સાને દસ્તાવેજી સ્વરૂપે રજૂ કરવામાં આવશે.

આ માટે સોશિયલ મીડિયા પર લોકો પાસે 'ડીએમ' (ડાયરેક્ટ મેસેજ) અને કમેન્ટ્સ દ્વારા સૂચનો મંગાવવામાં આવી રહ્યા છે કે પીએમ ઓફિસ સુધી કયા-કયા મુદ્દા પહોંચાડવા જરૂરી છે. આ પોસ્ટ વાયરલ થતાં જ હજારો વાહનચાલકો પોતાના ખરાબ થયેલા વાહનોની આપવીતી કમેન્ટ સેક્શનમાં ઠાલવી રહ્યા છે.

પાક્કો ગુજરાત સવાલો પૂછે છે– જનતાનો અવાજ કોણ સાંભળશે?

1. જો વાહનો ઈથેનોલ માટે સક્ષમ (કોમ્પેટીબલ) ન હોય, તો જનતા પર આ નિર્ણય કેમ જબરદસ્તી થોપવામાં આવી રહ્યો છે?

2. સામાન્ય મધ્યમવર્ગીય માણસ પોતાની મહેનતની કમાણીથી ગાડી ખરીદે છે, તેના નુકસાનની ભરપાઈ કોણ કરશે? વીમા કંપનીઓ કે સરકાર?

3. ગ્રીન એનર્જીના નામે પ્રજાના ગજવા પર પડતા આ ભારણ સામે શાસકો કેમ મૌન છે?

ઈંધણના આ નવા કાયદા અને પ્રયોગોથી પરેશાન જનતા હવે આરપારના મૂડમાં છે. વડાપ્રધાનને લખાનારા આ પત્ર બાદ સરકાર જનતાની પીડા સમજીને કોઈ રાહત આપશે કે પછી આ પ્રયોગો આમ જ ચાલુ રહેશે, તેના પર હવે 'પાક્કો ગુજરાત' ની નજર રહેશે.

# 40 વર્ષ પછી કોઈ ભારતીય વડાપ્રધાનનો ન્યૂઝીલેન્ડ પ્રવાસ

નવી દિલ્હી

પોતાનો ત્રણ દિવસનો સેશેલ્સ પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યાના બરાબર દસ દિવસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે ન્યૂઝીલેન્ડના પ્રવાસે જશે. છેલ્લા 40 વર્ષમાં કોઈ ભારતીય વડાપ્રધાનની ન્યૂઝીલેન્ડની આ પ્રથમ સત્તાવાર મુલાકાત હશે. જેને કારણે આ પ્રવાસને અત્યંત ઐતિહાસિક ગણવામાં આવી રહ્યો છે. ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને શુક્રવારે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું હતું કે પીએમ મોદી 10 જુલાઈએ ઓકલેન્ડ પહોંચશે અને 11 જુલાઈએ પરત ફરશે. આ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે તાજેતરમાં જ એપ્રિલ મહિનામાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (મુક્ત વ્યાપાર કરાર) પર હસ્તાક્ષર થયા છે. આ કરાર હેઠળ ન્યૂઝીલેન્ડથી આવતી 95 ટકા વસ્તુઓ પરની ડ્યુટી (ટેરિફ) નાબૂદ કરવામાં આવશે. જ્યારે ભારતમાંથી ન્યૂઝીલેન્ડ જતા 100 ટકા સામાનને ડ્યુટી ફ્રી એક્સેસ મળશે. પીએમ



લક્સને જણાવ્યું કે, 'ભારત વિશ્વની સૌથી મોટી અને ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. આ વ્યાપાર કરારથી ન્યૂઝીલેન્ડના 140 કરોડ લોકોનું મોટું બજાર મળશે, જેનાથી રોજગારી વધશે અને આર્થિક વૃદ્ધિ મજબૂત થશે.' વર્ષ 2024-25માં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 1.3 અબજ ડોલર રહ્યો હતો, જ્યારે વસ્તુઓ અને સેવાઓનો કુલ વેપાર આશરે 2.4 અબજ ડોલરે પહોંચ્યો છે. આ કરાર ભારતની ઈન્ડો-પેસિફિક આર્થિક વ્યૂહાત્મક નીતિને વધુ મજબૂત બનાવશે. વૈશ્વિક વેપારમાં ચાલી રહેલી અનિશ્ચિતતા વચ્ચે ન્યૂઝીલેન્ડ માટે ભારત સાથેના સંબંધો આર્થિક સમૃદ્ધિની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. આ અગાઉ પીએમ મોદીનો 3 દિવસનો સેશેલ્સ પ્રવાસ 29 જૂનના રોજ પૂર્ણ થયો હતો. જે હિંદ મહાસાગરમાં ભારતના વ્યૂહાત્મક જોડાણને મજબૂત કરવા પર કેન્દ્રિત હતો. પીએમ મોદી સેશેલ્સના 50મા સ્વતંત્રતા દિવસ (રાષ્ટ્રીય દિવસ) ની ગોલ્ડન જુબિલી ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે સામેલ થયા હતા. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ડિજિટલ પેમેન્ટ, સ્પેસ, હેલ્થકેર, કૃષિ અને શિક્ષણ જેવા ક્ષેત્રોને આવરી લેતા 19 મહત્વના કરારો અને પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે ભારત-સેશેલ્સના આગામી 50 વર્ષ ઈનોવેશન, સસ્ટેનેબિલિટી અને સહિયારી સમૃદ્ધિ દ્વારા વ્યાખ્યાયિત થશે.

# વિરોધ કરવો એ નાગરિકોનો અધિકાર

## સરકાર મુર્દાબાદ જેવી નારેબાજી કરવા સામે વાંધો શું? હાઈકોર્ટના જજનો સવાલ

મુંબઈ

બોમ્બે હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં રાજકીય કાર્યકર્તા વિરુદ્ધના તડીપાર (જિલ્લાબદલી) ના આદેશને રદ કરી દીધો છે. કોર્ટે પોલીસની કડક શબ્દોમાં ઝાટકણી કાઢતા ટિપ્પણી કરી હતી કે, નાગરિકો સાથે 'ભારત સરકારના ગુલામો' જેવો વ્યવહાર કરી શકાય નહીં.




જાણો શું છે મામલો

જસ્ટિસ માધવ જામદારની સિંગલ બેન્ચે સોશિયલિસ્ટ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા (SDPI)ના જનરલ સેક્રેટરી સઈદ અહેમદ અબ્દુલ વાહીદ ચૌધરીની અરજી પર આ ચુકાદો આપ્યો હતો. ડિસેમ્બર 2025માં મુંબઈ પોલીસે સઈદ અહેમદને 12 મહિના માટે તડીપાર કરવાનો આદેશ આપ્યો હતો, જેને કોંકણ ડિવિઝનના કમિશનરે પણ માર્ચ 2026માં યથાવત રાખ્યો હતો. પોલીસે સીએએ (CAA) અને જ્ઞાનવાપી મસ્જિદ મામલે કેન્દ્ર સરકારના નિર્ણયો વિરુદ્ધ દેખાવો કરવા બદલ નોંધાયેલી 5 એફઆઈઆરના આધારે આ કાર્યવાહી કરી હતી.

કોર્ટે શું મહત્ત્વની ટિપ્પણીઓ કરી?

બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ જામદારે કહ્યું, 'અરજદારે માત્ર 'ભાજપ સરકાર મુર્દાબાદ' કે 'અમિત શાહ મુર્દાબાદ' જેવા નારા લગાવ્યા છે. નાગરિકો આવા નારા કેમ ન લગાવી શકે? દેખાવો કરવો એ નાગરિકોનો અધિકાર છે.પોલીસ પબ્લિક સર્વન્ટ (લોક સેવક) છે, મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રીના સેવક નથી. બંધારણની કલમ 19 અને 21 નાગરિકોને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સન્માન પૂર્વક જીવવાનો અધિકાર આપે છે. સરકારી નિર્ણયો સામે મોરચો કે ધરણાં યોજવા એ મહારાષ્ટ્ર પોલીસ એક્ટ હેઠળ તડીપાર કરવાનો આધાર બની શકે નહીં.' કોર્ટે પોલીસ દ્વારા સત્તાના દુરુપયોગને ફગાવી દઈને બંને નીચલી સત્તાવાળાઓના તડીપારના આદેશોને તાત્કાલિક અસરથી રદબાતલ જાહેર કર્યા છે.


જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો

ટચુકડી જાહેરાત — વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ — જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE — પ્રેસનોટ — સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર — સમાચાર — સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર

કોન્ટેક્ટ નંબર 96388 77700

ઝડપી સેવા — તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ — વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર — સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન — સુંદર અને પ્રોફેશનલ લુક

તમારી માહિતી, લોકો સુધી પહોંચાડવાની અમારી જવાબદારી...

પાક્કો ગુજરાત
શનિવાર | 04 જુલાઈ 2026 | અમદાવાદ

# જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના હસ્તે ડુંગરી પોલીસ આઉટ પોસ્ટનું લોકાર્પણ : ગ્રામજનોની સુવિધામાં વધારો

ઝાલોદ/લીમડી, પંકજ પંડિત

લીમડી તાલુકાના ડુંગરી વિસ્તારમાં છેલ્લા લગભગ 20 વર્ષથી ચાલી રહેલી પોલીસ આઉટ પોસ્ટની માંગ આખરે પૂર્ણ થતા ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના હસ્તે ડુંગરી પોલીસ આઉટ પોસ્ટનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ડુંગરી આઉટ પોસ્ટ શરૂ થતા આજુબાજુના અંદાજે 15 જેટલા ગામોના લોકોને હવે ફરિયાદ નોંધાવવા, અરજી આપવા અથવા પોલીસ સહાય મેળવવા માટે લીમડી સુધી લાંબો પ્રવાસ કરવો પડશે નહીં. આ સુવિધાથી ગ્રામજનોનો સમય, ખર્ચ અને મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. લાંબા સમયથી ગ્રામ્ય જનતા આ માંગ ઉઠાવી રહી હતી. રાજ્ય સરકાર દ્વારા મે મહિનામાં ડુંગરી આઉટ પોસ્ટને મંજૂરી મળ્યા બાદ માત્ર બે મહિનામાં જ ઝાલોદ ડિવિઝનના ડી.વાય.એસ.પી ડી.આર. પટેલ તથા ગોવિંદ ગુરુ લીમડીના પી.આઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયત અને સ્થાનિક લોકોના સહકારથી ઝડપી કામગીરી હાથ ધરાઈ અને આઉટ પોસ્ટ ઉભી કરવામાં આવી. ડુંગરી આઉટ પોસ્ટ શરૂ થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસની સીધી પહોંચ વધશે. લોકોની નાની-મોટી સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ થશે, જેથી ગ્રામજનોને પોલીસ માટે દૂર સુધી જવાની ફરજ નહીં પડે.

જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ડુંગરી આઉટ પોસ્ટને 112 ક્વિક રિસ્પોન્સ ટીમ પણ ફાળવવામાં આવી છે. જેથી અકસ્માત, ઝઘડા કે અન્ય ઈમરજન્સી સમયે પોલીસ વધુ ઝડપથી પહોંચી શકશે અને કાયદો-વ્યવસ્થામાં વધુ અસરકારકતા આવશે.

આઉટ પોસ્ટ શરૂ થતા વિસ્તારની સુરક્ષા વધુ મજબૂત બનશે અને ગુનાખોરીની ઘટનાઓ પર ત્વરિત નિયંત્રણ શક્ય બનશે. ગ્રામ્ય વિસ્તારમાં પોલીસની સતત હાજરીથી લોકોમાં સુરક્ષાની ભાવના પણ મજબૂત બનશે.

જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, "ડુંગરી આઉટ પોસ્ટ ગ્રામ્ય જનતા માટે મોટી સુવિધા સાબિત થશે. લોકો સુધી પોલીસ સેવા સરળતાથી પહોંચે અને તેમની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ થાય તે માટે આ મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાનો અમારો સતત પ્રયાસ રહેશે." ડુંગરી પોલીસ આઉટ પોસ્ટના પ્રારંભથી વિસ્તારના હજારો ગ્રામજનોને સીધી અને ઝડપી પોલીસ સેવા મળવાની આશા વધુ મજબૂત બની છે.



## કૃભકો અને અમરેશ્વર મંડળીના સંયુક્ત ઉપક્રમે સહકારી સપ્તાહ અંતર્ગત સહકારી સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

ઝાલોદ, પંકજ પંડિત

વિશ્વની અગ્રગણ્ય ખેડૂતોની સહકારી સંસ્થા કૃભકો અને અમરેશ્વર મંડળીના સંયુક્ત ઉપક્રમે સહકારી સપ્તાહની ઉજવણી અંતર્ગત સહકારી સશક્તિકરણ અભિયાન કાર્યક્રમ અમરેશ્વર ખાતે યોજાયો. આ કાર્યક્રમ APMC ગોધરાના ચેરમેન માલવદીપસિંહ રાઉલજી ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં કૃભકો દિલ્હીથી શશિકાંતજી પણ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને કૃભકો દ્વારા જમીન ચકાસણીની કામગીરી અને જમીન ચકાસણીનું મહત્વ અને સહકારીતા વિશે માહિતી આપી હતી. પંચમહાલ જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ ખુમાનસિંહ ચૌહાણ, ઉપપ્રમુખ અશોકભાઈ પટેલ અને અન્ય APMC ગોધરાના ડિરેક્ટર તેમજ જિલ્લાના અન્ય સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કૃભકો અમદાવાદથી સ્ટેટ માર્કેટિંગ મેનેજર સંદીપભાઈ બી પંડ્યા સાહેબ ઉપસ્થિત રહી સહકારી સંસ્થાનું મહત્વ, ભારતના વિકાસમાં એમની ભૂમિકા અને કૃભકોની સહકારી પ્રવૃતિઓ વિષે અને પ્રોડક્ટ વિશે માહિતી પૂરી પાડી હતી. સહકારી આગેવાનો દ્વારા સહકારી માળખા વિશે અને એમને મજબૂત બનાવવા ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં FPO કાંકણપુર દ્વારા NPOP સર્ટિફિકેટ વિષે જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ફિલ્ડ ઓફિસર ઝિયાઉદ્દીન બાદી દ્વારા કરવામાં આવ્યું હતું.

**સુરત ડિમોલિશન કેસમાં હાઈકોર્ટનો હથોડો**

## "મોટા માથાના ટેકા વગર આવું થાય જ નહીં" : હાઈકોર્ટ

> તંત્રની જૂની આદત રહી છે કે જ્યારે પણ મામલો ગરમાય ત્યારે નીચલા સ્તરના અધિકારીઓ કે ક્લાર્ક કક્ષાના કર્મચારીઓ પર ગાજ પાડીને સંતોષ માની લેવાય છે

સુરત

શું ગુજરાતમાં કોઈ મોટું કૌભાંડ કે ગેરરીતિ થાય ત્યારે માત્ર નાના કર્મચારીઓને બલિનો બકરો બનાવીને અસલી ગુનેગારોને બચાવી લેવામાં આવે છે? સુરતના બહુચર્ચિત ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા (SMC) ની કાર્યવાહી સામે જે લાલ આંખ કરી છે, તેનાથી સત્તાધારી આકાઓ ધ્રૂજી ઉઠ્યા છે. હાઈકોર્ટે કડક શબ્દોમાં સ્પષ્ટ કર્યું છે કે, આ આખા ખેલ પાછળ કોઈ 'મોટા માથા'નો હાથ છે! સુરત ડિમોલિશન કેસની સુનાવણી દરમિયાન જ્યારે મનપાએ ગર્વથી કહ્યું કે તેમણે ૫ અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા છે, ત્યારે હાઈકોર્ટે આ કાર્યવાહી સામે ગંભીર અસંતોષ વ્યક્ત કર્યો હતો. માનનીય અદાલતે ચોંકાવનારું પણ કડવું સત્ય વહેતું કરતા કહ્યું કે– 'મોટા માથાના ટેકા વગર આવું થઈ શકે જ નહીં.' અદાલતના આ એક જ વાક્યે સાબિત કરી દીધું છે કે કાયદાની નજરથી અસલી ગુનેગારો છૂપી શકશે નહીં.

તંત્રની જૂની આદત રહી છે કે જ્યારે પણ મામલો ગરમાય ત્યારે નીચલા સ્તરના અધિકારીઓ કે ક્લાર્ક કક્ષાના કર્મચારીઓ પર ગાજ પાડીને સંતોષ માની લેવાય છે. સુરત મનપાએ પણ ૫ અધિકારીઓને સસ્પેન્ડ કરીને સબ સલામતનો દાવો કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ હાઈકોર્ટે પૂછેલો સવાલ વધુ મોટો અને ઘાતક છે: શું માત્ર નીચલા સ્તરના અધિકારીઓ સામેની આ કાર્યવાહી પૂરતી છે? કરોડોના આ પ્રકરણમાં આશીર્વાદ આપનારા એ 'મોટા માથા' કોણ છે? જેમના ઈશારે આખું તંત્ર નાચતું હતું, તેમના સુધી તપાસ કેમ ન પહોંચી? ન્યાયનો અર્થ: દેખાડો નહીં, વાસ્તવિક ઓપરેશન! જનતા હવે આંધળી નથી. ન્યાય માત્ર કાગળ પરની કાર્યવાહી કે સસ્પેન્શનના ઓર્ડરથી નથી મળતો. સાચો ન્યાય ત્યારે જ કહેવાશે જ્યારે ભ્રષ્ટાચારના આ આખા નેક્સસના મૂળ સુધી તપાસ પહોંચશે. હાઈકોર્ટની આ ટિપ્પણી બાદ હવે એ જોવાનું રહેશે કે રાજ્ય સરકાર માત્ર બલિના બકરાઓથી કામ ચલાવે છે કે પછી હાઈકોર્ટના આદેશને માન આપીને તે 'મોટા આકાઓ'ના કોલર સુધી હાથ લંબાવવાની હિંમત બતાવે છે.

**વડોદરાના ફતેપુરામાં મધ્યરાત્રિએ અફરાતફરી**

## વીજળીના થાંભલા પર ભયાનક શોર્ટ સર્કિટ બાદ આગના તણખા ઝર્યા

રહેણાંક વિસ્તારની મધ્યમાં થયેલા આ બ્લાસ્ટ અને આગના દ્રશ્યો જોઈને સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના ફતેપુરા વિસ્તારમાં ગત રાત્રિએ એકાએક અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વિસ્તારમાં આવેલા વીજળીના એક થાંભલા પર અચાનક જોરદાર શોર્ટ સર્કિટ થવાને કારણે આગની જવાળાઓ અને તણખા ઝરવા લાગ્યા હતા. રહેણાંક વિસ્તારની મધ્યમાં થયેલા આ બ્લાસ્ટ અને આગના દ્રશ્યો જોઈને સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.



મળતી માહિતી મુજબ, ફતેપુરાના મુખ્ય માર્ગ પર આવેલા ઈલેક્ટ્રિક પોલ (વીજ થાંભલા) પર વાયરોનું મોટું જાળું આવેલું છે. અચાનક કોઈ ટેકનિકલ ખામી કે ઓવરલોડિંગના કારણે વાયરોમાં મોટો ધડાકો થયો હતો અને જોતજોતામાં આખો થાંભલો આગના તણખાથી ઘેરાઈ ગયો હતો. તણખા સતત નીચે રસ્તા પર પડી રહ્યા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ પણ જીવ બચાવવા ભાગ્યા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક આ અંગે વીજ કંપની (MGVCL) અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

ઘટનાને પગલે સાવચેતીના ભાગરૂપે સમગ્ર વિસ્તારનો પાવર સપ્લાય તાત્કાલિક કાપી નાખવામાં આવ્યો હતો, જેના કારણે મોટો અકસ્માત કે જાનહાનિ ટળી હતી. પરંતુ ચોમાસાની શરૂઆત પહેલા કે સામાન્ય દિવસોમાં પણ વાયરોના આવા ખુલ્લા જાળા અને જિર્ણ થઈ ગયેલા વીજ થાંભલાઓ સામે વીજ કંપની દ્વારા યોગ્ય પ્રી-મોન્સૂન કામગીરી કેમ કરવામાં આવતી નથી, તે અંગે હવે સ્થાનિકો સવાલો ઉઠાવી રહ્યા છે. સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી નથી, પરંતુ બજાર અને રહેણાંક વિસ્તારમાં બનેલી આ ઘટના તંત્ર માટે લાલબત્તી સમાન છે.

## થરાદના નારોલી ખાતે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાયો, 70 બોટલ રક્ત એકત્રિત

થરાદ, રાજેશભાઈ જોષી

જિલ્લા પંચાયત વાવ-થરાદના માર્ગદર્શન હેઠળ માનનીય જિલ્લા કલેક્ટર, DDO, CDHO તથા T.H.O.ના માર્ગદર્શન અને પ્રેરણાથી તાલુકા આરોગ્ય કચેરી, થરાદ પ્રેરિત તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નારોલી દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવા યજ્ઞમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લઈને માનવસેવાના પવિત્ર કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું. કેમ્પ દરમિયાન કુલ 70 બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

એકત્રિત થયેલ રક્ત થેલેસેમિયાથી પીડિત બાળકો, કેન્સરગ્રસ્ત દર્દીઓ, સગર્ભા માતાઓ તેમજ અન્ય જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નારોલીના મેડિકલ ઓફિસર ડૉ. પ્રદીપભાઈ રાઠોડ અને ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા સહિત સમગ્ર આરોગ્ય સ્ટાફે વિશેષ કામગીરી બજાવી હતી.



આ ઉપરાંત PHC નારોલીના MPHW, FHW, CHO, LAB TECHNICIAN, PHARMACIST, FA, ASHA, WARD BOY, SWEEPER સહિત સમગ્ર સ્ટાફે કેમ્પને સફળ બનાવવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

કેમ્પને સફળ બનાવવા માટે આદર્શ બ્લડ બેન્ક, થરાદના ડૉ. કરસનભાઈ ચૌધરી તથા તેમની સમગ્ર ટીમે પણ વિશેષ સહયોગ આપ્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય વિભાગ દ્વારા લોકોને નિયમિત રક્તદાન કરવા અને વધુમાં વધુ લોકો માનવસેવાના આ કાર્ય સાથે જોડાય તે માટે અપીલ કરવામાં આવી હતી.

**બનાસકાંઠા જિલ્લાના નાગરિકો માટે વહીવટી તંત્ર દ્વારા રાહતના સમાચાર સામે આવ્યા**

## અશાંત ધારા હેઠળ મિલકત તબદીલીની પ્રક્રિયા બની વધુ પારદર્શક : હવે હુકમની નકલ ઓનલાઈન મેળવી શકાશે

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના નાગરિકો માટે વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ અને રાહતના સમાચાર સામે આવ્યા છે. ડિજિટલ ઈન્ડિયાના અભિગમને વેગ આપતા બનાસકાંઠા જિલ્લામાં અશાંત ધારા હેઠળ પૂર્વ મંજૂરી મેળવવાની પ્રક્રિયાને હવે વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવી દેવામાં આવી છે. આ નવી વ્યવસ્થા હેઠળ હવે અરજદારોએ મિલકત તબદીલીના હુકમની નકલ મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા નહીં ખાવા પડે, પરંતુ તેઓ ઘરે બેઠા જ આ હુકમ ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે.

પાલનપુરના પ્રાંત અધિકારી ડૉ. ડી. એ. ભારાઈએ આ ડિજિટલ પહેલ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી



તંત્રના જનકેન્દ્રિત અભિગમના ભાગરૂપે આ નિર્ણય લેવાયો છે. અશાંત ધારા હેઠળ મિલકત ખરીદ-વેચાણ કે તબદીલી માટેની મંજૂરી પ્રક્રિયા ઓનલાઈન થવાથી વચેટીયાઓ પ્રથા નાબૂદ થશે અને ભ્રષ્ટાચાર પર લગામ કસાશે. અરજદારો પોતાનો મંજૂરી હુકમ સીધો પોર્ટલ પરથી સહેલાઈથી મેળવી શકશે, જેથી તેમના સમય અને નાણાં બંનેની બચત થશે.

તંત્રની આ કામગીરી કેટલી ઝડપી છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, પાલનપુર શહેરમાંથી આવેલી અશાંત ધારાની કુલ ૮૫૧ અરજીઓમાંથી રેકોર્ડ બ્રેક ૮૩૨ અરજીઓનો સકારાત્મક નિકાલ કરી દેવામાં આવ્યો છે. બાકી રહેલી અરજીઓ પર પણ વહેલી તકે પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી રહી છે.

બનાસકાંઠા કલેક્ટર અને ડીડીઓ ના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા આ ડિજિટલ પગલાંને સ્થાનિક રિયલ સ્ટેટ ક્ષેત્રના લોકો અને સામાન્ય નાગરિકો દ્વારા આવકારવામાં આવી રહ્યો છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ તંત્રના આ જનહિતના અને પારદર્શક નિર્ણયને બિરદાવે છે.

## ડભોઇની તરસાણા ચોકડી બની 'ડેન્જર ઝોન' : બે દિવસમાં ત્રણ અકસ્માત છતાં તંત્ર કુંભકર્ણની નિદ્રામાં!

ડભોઇ

ડભોઈ-વાઘોડિયા રોડ પર આવેલી વ્યસ્ત તરસાણા ચોકડી હાલ અકસ્માતોનું હબ બની ગઈ છે. આ ચોકડી પર અકસ્માતોની વણઝાર યથાવત રહેતા આજે સતત બીજા દિવસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહીં એક ટેમ્પો અને પીકઅપ ડાલા વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. સદનસીબે આ ઘટનામાં બે લોકોને સામાન્ય ઈજાઓ થતાં મોટી જાનહાનિ ટળી છે. પરંતુ છેલ્લા બે દિવસમાં આ ત્રીજો અકસ્માત હોવાથી સ્થાનિકોમાં તંત્ર સામે ભારે જનઆક્રોશ જોવા મળી રહ્યો છે.

તરસાણા ચોકડી એ વડોદરા, વાઘોડિયા, ડભોઈ અને બોડેલી તરફથી આવતા ભારે અને નાના વાહનોને જોડતો મુખ્ય સંગમ છે. આટલી વ્યસ્ત ચોકડી હોવા છતાં અહીં સેફ્ટીના નામે 'મીંડું' છે. વાહનોની ગતિ ધીમી પાડવા માટે કોઈ સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા નથી. રાત્રિના સમયે ચોકડી દેખાય તે માટે કોઈ રેડિયમ બોર્ડ, લાલ ચમકતી પટ્ટીઓ કે બ્લિંકર્સ મૂકવામાં આવ્યા નથી. અંધારામાં સ્પીડમાં આવતા વાહનચાલકોને ચોકડીનો ખ્યાલ જ



આવતો નથી, જેને કારણે રોજબરોજ અકસ્માતો સર્જાય છે. સ્થાનિકો સવાલ પૂછી રહ્યા છે કે, શું તંત્ર કોઈ મોટી હોનારત કે કોઈ નિર્દોષનો જીવ જવાની રાહ જોઈ રહ્યું છે? વારંવારની રજૂઆતો છતાં માર્ગ અને મકાન વિભાગ કેમ કોઈ પગલાં લેતું નથી?

હવે સમય પાકી ગયો છે કે સ્થાનિક પ્રશાસન જાગે અને કાગળ પર વાતો કરવાને બદલે ગ્રાઉન્ડ લેવલ પર એક્શન પ્લાન બનાવે. તરસાણા ચોકડી પર તાત્કાલિક સર્કલ બનાવવામાં આવે, લાઈટો અને રેડિયમ પટ્ટા લગાવીને વાહનચાલકોના જીવ બચાવવામાં આવે. જો તંત્ર હજુ પણ મૌન રહેશે, તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

## રેલ્વે હવે જનતાની નહીં, મોદી સરકારની : VIP નીતિની શિકાર! ગરીબોની જીવાદોરી છીનવાઈ?

- રેલ્વેનું આધુનિકીકરણ નહીં પણ વર્ગીકરણ: સામાન્ય મુસાફર પર વધતો આર્થિક બોજ
- સુરક્ષાના દાવા પોકળ: 10 વર્ષમાં 678 અકસ્માતો, ભાજપ સરકાર ફોટોશૂટમાં વ્યસ્ત
- કોંગ્રેસની આક્રમક માંગણી: રેલ્વેને બ્રાન્ડિંગની વસ્તુ બનાવવાનું બંધ કરો

અમદાવાદ

દેશમાં વિકાસ અને આધુનિકીકરણના મોટા-મોટા દાવાઓ વચ્ચે સામાન્ય માણસની સવારી ગણાતી ભારતીય રેલ્વે આજે ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી છે. મોંઘા ભાડા, ઘટતી સુવિધાઓ અને સતત વધતા અકસ્માતો વચ્ચે સામાન્ય મુસાફરોની સુરક્ષા અને સુવિધા ભગવાન ભરોસે મુકાઈ ગઈ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કરતા સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે, ભારતીય રેલ્વે હવે જનતાની નથી રહી, પરંતુ તે કેન્દ્ર સરકારની વી.આઈ.પી. નીતિઓનો શિકાર બની ગઈ છે. રેલ્વેનું આધુનિકીકરણ કરવાના નામે વાસ્તવમાં રેલ્વેનું વર્ગીકરણ કરી દેવાયું છે, જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગ પોતાના જ દેશની ટ્રેનોમાં બીજા દરજ્જાનો નાગરિક બની ગયો છે. એક સમયે દેશના ગરીબો, મધ્યમવર્ગ, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને શ્રમિકો માટે જે રેલ્વે જીવનરેખા સમાન હતી, તેને કોર્પોરેટ શૈલીમાં ફેરવી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૪ અને ખાસ કરીને ૨૦૧૫ પછી, ભાજપ સરકારે મુસાફરી ભાડાં, રિઝર્વેશન ચાર્જ, સુપરફાસ્ટ ચાર્જ, પ્લેટફોર્મ ટિકિટ અને ટિકિટ કેન્સલેશન ફીમાં અસહ્ય વધારો ઝીંકી દીધો છે. સૌથી મોટો અન્યાય સામાન્ય જનતા સાથે એ થયો છે કે, લોકલ અને પેસેન્જર ટ્રેનો ઘટાડી દેવામાં આવી છે અથવા તો તેમને એક્સપ્રેસ અને પ્રીમિયમ ટ્રેનોમાં ફેરવીને ભાડાં બમણા કરી દેવાયા છે. જનરલ કોચની સંખ્યા સતત ઓછી થતાં કરોડો મુસાફરોએ ઘેટા-બકરાની જેમ ભીડમાં મુસાફરી કરવી પડે છે. તહેવારો અને વેકેશનના સમયે એરલાઈન મોડલ મુજબ ભાડાં વધારીને સામાન્ય લોકોના ખિસ્સા ખંખેરવામાં આવે છે. આ ઉપરાંત, કોરોના કાળમાં વરિષ્ઠ નાગરિકોને મળતી ભાડા રાહત હજુ સુધી પુનઃસ્થાપિત કરવામાં આવી નથી, જેના કારણે દેશના વૃદ્ધ મુસાફરો પર સીધો આર્થિક બોજ પડી રહ્યો છે. સ્ટેશનોના ખાનગીકરણના કારણે ત્યાં મળતી ખાણીપીણી અને અન્ય સેવાઓ પણ સામાન્ય માણસની પહોંચ બહાર થઈ ગઈ છે. સરકાર ભલે સુરક્ષિત રેલ્વેના બણગાં ફૂંકતી હોય, પરંતુ રેલ્વે મંત્રાલયના સત્તાવાર આંકડા જ સરકારની પોલ ખોલે છે. છેલ્લા દસ વર્ષમાં (૨૦૨૩-૨૪ સુધી) દેશમાં નાની-મોટી ૬૭૮ ટ્રેન દુર્ઘટનાઓ નોંધાઈ છે, જેમાં ૭૪૮ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જૂન ૨૦૨૩માં ઓડિશાના બાલાસોર ખાતે થયેલી ભયાનક ટ્રિપલ ટ્રેન દુર્ઘટનાને દેશ હજુ ભૂલ્યો નથી, જેમાં ૨૯૬ મુસાફરોના મોત થયા હતા. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના આંકડા પણ દર્શાવે છે કે, દર વર્ષે હજારો લોકો ટ્રેક પર અનધિકૃત પ્રવેશ, ભીડના કારણે ટ્રેનમાંથી પડી જવા કે લેવલ ક્રોસિંગ અકસ્માતોમાં મૃત્યુ પામે છે. આમ છતાં, સરકારનું ધ્યાન ટ્રેક સુધારણા કે આધુનિક સિગ્નલિંગ પ્રણાલી પાછળ ખર્ચ કરવાને બદલે નવી લક્ઝરી ટ્રેનોના બ્રાન્ડિંગ, પ્રદર્શન, ઉદ્ઘાટનો અને ફોટોશૂટ પાછળ વધુ રહે છે.

**ઝાલોદમાં બેંકિંગ સેવાઓમાં વિલંબથી ખાતાધારકો પરેશાન**

## KYC, મોબાઈલ નંબર અપડેટ અને આધાર લિંકિંગ માટે ગ્રાહકોને અનેક દિવસથી ધક્કા..!

ઝાલોદ, પંકજ પંડિત

બેંક ઓફ બરોડાની ઝાલોદ શાખામાં છેલ્લા ઘણા સમયથી KYC અપડેટ, મોબાઈલ નંબર નોંધણી, આધાર લિંકિંગ સહિતની જરૂરી બેંકિંગ સેવાઓમાં થઈ રહેલા વિલંબને કારણે ખાતાધારકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક ગ્રાહકો પોતાના કામ માટે વારંવાર બેંકના ચક્કર મારી રહ્યા હોવા છતાં સમયસર કામગીરી પૂર્ણ ન થતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

મળતી માહિતી મુજબ, ઘણા ગ્રાહકો છેલ્લા ચારથી પાંચ દિવસથી સતત બેંકમાં આવન-જાવન કરી રહ્યા છે, છતાં તેઓના કામો પૂર્ણ થતા નથી. બેંક દ્વારા સ્પષ્ટ માર્ગદર્શન કે ચોક્કસ સમયમર્યાદા ન આપતાં ગ્રાહકોમાં અસંતોષનો માહોલ સર્જાયો છે.

ખાસ કરીને ઝાલોદ તાલુકાના આદિવાસી વિસ્તારના ખેડૂતો, મજૂર વર્ગ, મહિલાઓ, વૃદ્ધો અને વિદ્યાર્થીઓને સૌથી વધુ હાલાકી ભોગવવી પડી રહી છે.



ગામડાઓમાંથી રોજિંદી મજૂરી અને કામધંધો છોડીને લોકો બેંક સુધી પહોંચે છે, પરંતુ વાહન ભાડું, સમય અને આવકનું નુકસાન સહન કર્યા બાદ પણ કામ ન થતાં લોકો આર્થિક અને માનસિક રીતે પરેશાન થઈ રહ્યા છે.

ઝાલોદ વિસ્તાર ૭૦ ટકા કરતાં વધુ આદિવાસી વસ્તી ધરાવતો વિસ્તાર હોવાથી અહીંના લોકો માટે બેંકિંગ સેવાઓ જીવન જરૂરિયાત સમાન બની ગઈ છે. ખેતી, મજૂરી અને નાના ધંધા સાથે સંકળાયેલા લોકો માટે સમયસર બેંકિંગ કામગીરી અત્યંત મહત્વપૂર્ણ હોવા છતાં હાલની પરિસ્થિતિ ચિંતાજનક બની છે. આ સમગ્ર મામલે જાગૃત નાગરિક અને સામાજિક કાર્યકર નીલમ એમ. વસૈયાએ બેંક ઓફ બરોડા, ઝાલોદ શાખાના મેનેજરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. રજૂઆતમાં KYC અને મોબાઈલ નંબર અપડેટની પ્રક્રિયા ઝડપી બનાવવા, વધારાના કર્મચારીઓની નિમણૂક કરવા, ભીડને નિયંત્રિત કરવા અલગ કાઉન્ટરની વ્યવસ્થા ઉભી કરવા અને બાકી રહેલા અરજદારોના કામોને પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી છે.

"ઝાલોદ જેવા આદિવાસી વિસ્તારમાં લોકો રોજ મજૂરી અને ખેતી છોડીને બેંક સુધી આવે છે. છતાં તેમના કામો સમયસર ન થવાથી તેઓ આર્થિક નુકસાન અને માનસિક તણાવનો સામનો કરી રહ્યા છે. બેંક તંત્રએ આ બાબતને ગંભીરતાથી લઈને તાત્કાલિક વ્યવસ્થા સુધારવી જરૂરી છે, જેથી સામાન્ય જનતાને અનાવશ્યક હેરાનગતિનો સામનો ન કરવો પડે."



### કૃતિ સેનન છેલ્લા કેટલાક વર્ષોથી યુકે સ્થિત ઉદ્યોગપતિ કબીર બહિયાને ડેટ કરી રહી છે

# 35 વર્ષની ક્રિતી સેનન લગ્ન કરશે? બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે વેડિંગની ચર્ચાઓ ઉઠી

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનન ફરી એકવાર પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં આવી છે. તાજેતરમાં તેમની ફિલ્મ 'કોકટેલ 2' રિલીઝ થઈ છે, જેને દર્શકો અને ક્રિટિક્સ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. આ વચ્ચે કૃતિ પોતાના લાંબા સમયથી ચર્ચામાં રહેલા બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે લગ્ન કરશે તેવી અટકળોએ જોર પકડ્યું છે. આ અફવાઓ પર હવે કૃતિ સેનનની બહેન નૂપુર સેનનના પતિ અને જાણીતા ગાયક સ્ટેબિન બેને પ્રથમ વખત પ્રતિક્રિયા આપી છે. લગ્ન માટે કોઈ ઉતાવળ નથી એક ઈન્ટરવ્યૂ દરમિયાન સ્ટેબિન બેને કહ્યું કે નૂપુર સેનનના લગ્ન બાદ લોકો સતત કૃતિના લગ્ન વિશે સવાલો પૂછવા લાગ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જીવનનો એટલો મોટો નિર્ણય માત્ર સમાજની અપેક્ષા પૂરી કરવા માટે ઉતાવળમાં લેવો જોઈએ નહીં. સ્ટેબિન બેને કૃતિના વખાણ કરતાં કહ્યું કે તેમણે પોતાની મહેનત અને પ્રતિભાના બળ પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અલગ ઓળખ બનાવી છે. તેથી માત્ર ઉંમર કે સમાજના દબાણને કારણે લગ્ન કરવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર કૃતિ સેનન છેલ્લા કેટલાક વર્ષોથી યુકે સ્થિત ઉદ્યોગપતિ કબીર બહિયાને ડેટ કરી રહી છે. કબીરના પિતા કુલજિંદર બહિયા બ્રિટનની જાણીતી ટ્રાવેલ કંપની Southall Travelના માલિક છે, જ્યારે કબીર Worldwide Aviation and Tourism Limitedમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યરત છે.

કબીર બહિયા ભારતીય ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીના પરિવાર સાથે પણ નજીકના સંબંધો ધરાવે છે અને અનેક પ્રસંગોએ તેમની સાથે જોવા મળ્યા છે. કૃતિ અને કબીરે હજુ સુધી પોતાના સંબંધને સત્તાવાર રીતે જાહેર કર્યો નથી. જોકે બંને અનેક પાર્ટીઓ અને જાહેર કાર્યક્રમોમાં સાથે જોવા મળ્યા છે અને સોશિયલ મીડિયા પર પણ એકબીજા સાથેની તસવીરો શેર કરતા રહે છે. તેમ છતાં હાલ તેમના લગ્ન અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સ્ટેબિન બેનના નિવેદન બાદ સ્પષ્ટ થાય છે કે હાલ કૃતિના લગ્નને લઈને ચાલી રહેલી ચર્ચાઓ માત્ર અટકળો છે અને આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી. બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનન ફરી એકવાર પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં આવી છે. તાજેતરમાં તેમની ફિલ્મ 'કોકટેલ 2' રિલીઝ થઈ છે, જેને દર્શકો અને ક્રિટિક્સ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. આ વચ્ચે કૃતિ પોતાના લાંબા સમયથી ચર્ચામાં રહેલા બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે લગ્ન કરશે તેવી અટકળોએ જોર પકડ્યું છે. આ અફવાઓ પર હવે કૃતિ સેનનની બહેન નૂપુર સેનનના પતિ અને જાણીતા ગાયક સ્ટેબિન બેને પ્રથમ વખત પ્રતિક્રિયા આપી છે.

**કૃતિના લગ્નને લઈને ચાલી રહેલી ચર્ચાઓ માત્ર અટકળો છે અને આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી.**

# પ્રીતમ એન્ડ પેડ્રોમાં દમદાર સ્ટારકાસ્ટ અને રસપ્રદ કોન્સેપ્ટ

## જ્યારે કોઈ પ્રોજેક્ટ સાથે રાજકુમાર હિરાણીનું નામ જોડાય છે, ત્યારે અપેક્ષાઓ વધવી સ્વાભાવિક છે

મુંબઈ

જ્યારે કોઈ પ્રોજેક્ટ સાથે રાજકુમાર હિરાણીનું નામ જોડાય છે, ત્યારે અપેક્ષાઓ વધવી સ્વાભાવિક છે. અરશદ વારસી, વિક્રાંત મેસી, બોમન ઈરાની અને મોના સિંહ જેવા કલાકારો હોય, ત્યારે શ્રેષ્ઠ ક્રાઈમ-કોમેડીની આશા વધુ મજબૂત બને છે. OTT પ્લેટફોર્મ જિયોહોટસ્ટાર પર રિલીઝ થયેલી 'પ્રીતમ એન્ડ પેડ્રો' સાયબર ક્રાઈમ જેવા સમકાલીન વિષયને કોમેડી, થ્રિલ અને ઈમોશન સાથે રજૂ કરવાનો પ્રયાસ કરે છે. કોન્સેપ્ટ રસપ્રદ અને સ્ટારકાસ્ટ દમદાર છે, પરંતુ નબળા સ્ક્રીનપ્લે અને ધીમી ગતિને કારણે સિરીઝ તેની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચી શકતી નથી. 'પ્રીતમ એન્ડ પેડ્રો'ની વાર્તા ગોવામાં સેટ છે. પેડ્રો ગોન્સાલ્વિસ (અરશદ વારસી) જૂના વિચારો ધરાવતો અનુભવી પોલીસ અધિકારી છે, જે ગુનેગારોને પકડવામાં માહેર છે, પરંતુ ટેકનોલોજી અને સાયબર દુનિયા સાથે તેની ખાસ મિત્રતા નથી. એક ઘટના પછી તેની બદલી સાયબર સેલમાં થાય છે, જ્યાં તેની મુલાકાત યુવા અને ટેક-સેવી અધિકારી પ્રીતમ પાર્કર (વીર હિરાણી) સાથે થાય છે. બંનેની કાર્યશૈલી બિલકુલ અલગ છે. પેડ્રો અનુભવ અને જમીની તપાસ પર વિશ્વાસ કરે છે, જ્યારે પ્રીતમ ડેટા, હેકિંગ અને ડિજિટલ ટેકનોલોજી દ્વારા ગુનાઓ ઉકેલે છે. આ દરમિયાન તેમને મંત્રીના દીકરાના અપહરણ અને એક હાઈ-પ્રોફાઈલ સાયબર ક્રાઈમની ગુત્થી ઉકેલવાની જવાબદારી મળે છે. તપાસની સાથે ઓનલાઈન ફ્રોડ, હેકિંગ અને ડિજિટલ સ્કેમની પરતો ખુલે છે, ત્યાં જ બંને પાત્રોના અંગત જીવન અને ભાવનાત્મક સંઘર્ષને પણ વાર્તામાં જોડવામાં આવ્યું છે. અરશદ વારસી આખી સિરીઝની સૌથી મોટી તાકાત છે. તેનો સહજ અભિનય, શાનદાર કોમિક ટાઈમિંગ અને સ્ક્રીન પ્રેઝન્સ ઘણા નબળા દ્રશ્યોને પણ સંભાળી લે છે. રાજકુમાર હિરાણીનો દીકરો વીર હિરાણી આ સિરીઝથી લીડ એક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યો છે. તેણે પ્રામાણિકતાથી પાત્ર ભજવ્યું છે. ઘણા દ્રશ્યોમાં તેનો આત્મવિશ્વાસ દેખાય છે, પરંતુ ભાવનાત્મક ભાગોમાં અનુભવનો અભાવ અનુભવાય છે.




# આમિર-ગૌરીના લગ્નમાં દેશ-વિદેશના મહેમાનોનો જામશે મેળો

## આમિર ખાને પોતાના બાંદ્રા સ્થિત ઘરને લગ્ન સ્થળ બનાવ્યું છે. લગ્નમાં 150 મહેમાનો હાજરી આપશે

મુંબઈ

બોલિવૂડ અભિનેતા આમિર ખાન, જેને મિસ્ટર પરફેક્શનિસ્ટ તરીકે ઓળખવામાં આવે છે, તે ઘણા સમયથી સમાચારમાં છે. આ વખતે, તેનું કારણ કોઈ ફિલ્મ નથી, પરંતુ તેનું અંગત જીવન છે. તે 5 જુલાઈના રોજ તેની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. ગયા મહિને આમિરે પોતે જ તેના લગ્નની પુષ્ટિ કરી હતી. હવે, તેમના લગ્ન વિશે વધુ વિગતો બહાર આવી છે. આમિર ખાને પોતાના બાંદ્રા સ્થિત ઘરને લગ્ન સ્થળ બનાવ્યું છે. લગ્નમાં 150 મહેમાનો હાજરી આપશે, જેમાંથી મોટાભાગના પરિવારના સભ્યો હશે, સાથે જ વિદેશથી આવેલા કેટલાક સંબંધીઓ પણ હશે. થોડા નજીકના મિત્રો પણ હાજર રહેશે. આમિર ખાનના બાળકો પણ હાજર રહેશે. અહેવાલ મુજબ, આમિર અને ગૌરી 5 જુલાઈના રોજ પહેલા ભાગમાં લગ્ન કરશે. આ દરમિયાન, એક વીડિયોમાં, આમિર તેના લગ્ન વિશે વાત કરતો જોવા મળે છે. તે કહે છે, "લગ્ન 5 જુલાઈના રોજ થઈ રહ્યા છે. આ ખૂબ જ નાના લગ્ન છે. અમે તે ઘરે કરી રહ્યા છીએ. 5મી તારીખ અમારા માટે ખૂબ જ ખાસ દિવસ છે. આ ફક્ત અમારા પરિવારો અને કેટલાક ખાસ મિત્રો છે. અમને બધાના આશીર્વાદની જરૂર છે. આ આમિર ખાનના ત્રીજા લગ્ન છે. તેમણે પહેલા લગ્ન 1986માં રીના દત્તા સાથે કર્યા હતા. જોકે, 2002માં તેમના છૂટાછેડા થયા. 2005માં આમિરે કિરણ રાવ સાથે લગ્ન કર્યા અને 2021માં તેઓ અલગ થઈ ગયા. આમિર બંને પત્નીઓ સાથે સારા મિત્રો છે. ગૌરી સ્પ્રેટના આ બીજા લગ્ન છે. ગૌરીને તેના પહેલા લગ્નથી 7 વર્ષનો પુત્ર છે. આમિર ખાનને પણ ત્રણ બાળકો છે. તેના પહેલા લગ્નથી બે બાળકો છે: જુનૈદ ખાન અને ઈરા ખાન. આમિરને બીજા લગ્નથી આઝાદ નામનો પુત્ર છે. બોલિવૂડ અભિનેતા આમિર ખાન, જેને મિસ્ટર પરફેક્શનિસ્ટ તરીકે ઓળખવામાં આવે છે, તે ઘણા સમયથી સમાચારમાં છે. આ વખતે, તેનું કારણ કોઈ ફિલ્મ નથી, પરંતુ તેનું અંગત જીવન છે. તે 5 જુલાઈના રોજ તેની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. ગયા મહિને આમિરે પોતે જ તેના લગ્નની પુષ્ટિ કરી હતી. હવે, તેમના લગ્ન વિશે વધુ વિગતો બહાર આવી છે. આમિર ખાને પોતાના બાંદ્રા સ્થિત ઘરને લગ્ન સ્થળ બનાવ્યું છે. લગ્નમાં 150 મહેમાનો હાજરી આપશે, જેમાંથી મોટાભાગના પરિવારના સભ્યો હશે, સાથે જ વિદેશથી આવેલા કેટલાક સંબંધીઓ પણ હશે. થોડા નજીકના મિત્રો પણ હાજર રહેશે. આમિર ખાનના બાળકો પણ હાજર રહેશે.






# અક્ષય કુમારે એક મહિનામાં ₹19.48 કરોડમાં 4 ફ્લેટ વેચ્યા

## મુંબઈમાં લક્ઝરી ફ્લેટ્સ વેચી ₹6.80 કરોડનો નફો રળ્યો; 3 BHKનો એક ફ્લેટ આવી જાય તેટલી સ્ટેમ્પ ડ્યુટી ભરી

મુંબઈ

બોલિવૂડના 'ખિલાડી કુમાર' માત્ર ફિલ્મોની પસંદગીમાં જ નહીં, પણ રિયલ એસ્ટેટમાં રોકાણના પણ પાક્કા 'ખિલાડી' છે. એક તરફ સિનેમાઘરોમાં તેની લેટેસ્ટ ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' કરોડોની કમાણી કરી રહી છે, તો બીજી તરફ અક્ષય કુમાર મુંબઈમાં આલીશાન પ્રોપર્ટી વેચીને અઢળક નફો રળી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં અક્ષયે કુલ 4 ફ્લેટ વેચીને કુલ 6.80 કરોડ રૂપિયાનો નફો મેળવ્યો છે.


મુંબઈના મુલુંડમાં વેચ્યા 2 લક્ઝરી અપાર્ટમેન્ટ અક્ષય કુમાર હાલમાં તેની ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'ની સફળતાનો સ્વાદ ચાખી રહ્યો છે. આ દરમિયાન તેણે તાજેતરમાં મુંબઈના મુલુંડ વેસ્ટમાં આવેલા બે લક્ઝરી અપાર્ટમેન્ટ્સ કુલ 12.38 કરોડમાં વેચ્યા છે. સીઆરઈ મેટ્રિક્સ (રિયલ એસ્ટેટ એનાલિટિક્સ કંપની) દ્વારા મેળવવામાં આવેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશનના દસ્તાવેજો અનુસાર, અક્ષય કુમારે 2017માં એલબીએસ રોડ પર ઓબેરોય રિયાલિટીના પ્રીમિયમ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ 'ઓબેરોય એનિંગ્મા'માં બે ફ્લેટ્સ ખરીદ્યા હતા. દરેક ફ્લેટ્સનો કાર્પેટ એરિયા 1,886 સ્ક્વેર ફૂટ છે અને બંને સોદામાં ત્રણ-ત્રણ મળીને કુલ 6 ડેડિકેટેડ કાર પાર્કિંગ સ્પેસ સામેલ છે. અક્ષયે 2017માં આશરે 9 કરોડમાં પ્રોપર્ટી ખરીદી હતી, જેને તેણે 12.38 કરોડમાં વેચી છે. પ્રોપર્ટીના રેકોર્ડ મુજબ, આ બંને ફ્લેટ્સ 'સની હોમ કેર પ્રાઈવેટ લિમિટેડ' કંપની દ્વારા ખરીદવામાં આવ્યા છે. દરેક ફ્લેટ 6.19 કરોડમાં વેચાયો છે, જેથી કુલ ટ્રાન્ઝેક્શન કિંમત 12.38 કરોડ થઈ ગઈ છે. નોંધનીય છે કે, ખરીદદારે દરેક ફ્લેટ માટે 37.14 લાખ એટલે કે કુલ 74.28 લાખની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી છે. ટાઈમ્સના અહેવાલ મુજબ આ પ્રોપર્ટીના વેચાણ દસ્તાવેજો સત્તાવાર રીતે 30 જૂન 2026ના રોજ રજિસ્ટર કરવામાં આવ્યા હતા. રજિસ્ટ્રેશન દસ્તાવેજોના આધારે જાણવા મળે છે કે, અક્ષય કુમારે આ બંને ફ્લેટ્સ ઓક્ટોબર 2017માં અંદાજે 4.49 કરોડ પ્રતિ ફ્લેટ એટલે કે કુલ 8.98 કરોડમાં ખરીદ્યા હતા. વર્તમાન વેચાણ કિંમતના આધારે દરેક પ્રોપર્ટીની કિંમતમાં આશરે 1.70 કરોડનો વધારો થયો છે.

# મિર્ઝાપુર ફિલ્મની સ્ટોરીને લઈને એક્ટર અલી ફઝલે કરી દીધી સ્પષ્ટતા, વાર્તા અંગે ફોડ પાડીને ફેન્સને ડિટેઈલ્ડ કહી

મુંબઈ

વેબ સિરીઝ મિર્ઝાપુરની યુવાવર્ગ એક અસર જોવા મળી હતી. હવે મિર્ઝાપુર નામની ફિલ્મ આવી રહી છે. બિગ સ્ક્રિન પર ફરી એકવાર ડ્રગ્સ, ડ્રામા અને સત્તાના સમીકરણ જોવા મળશે. વેબસિરીઝમાં જે પાત્રોએ એક અસર ઊભી કરી હતી એ તમામ પાત્રો ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મનું ટીઝર રિલીઝ કરી દેવામાં આવ્યું છે. 4 સપ્ટેમ્બરના રોજ આ ફિલ્મ બિગ સ્ક્રિન પર આવી રહી છે. આ વખતે ફિલ્મમાં કેટલાક નવા ચહેરા જોવા મળશે. પણ એકવાત એ નક્કી છે કે, આ ફિલ્મ વેબસિરીઝ કરતા ઘણી અલગ છે. વેબ સિરીઝ જોયા બાદ ફેન્સ હવે આ ફિલ્મમાં નવું શું હશે એ અંગે ચર્ચા કરી રહ્યા છે. આ ફિલ્મ સપ્ટેમ્બર મહિનામાં આવી રહી છે. અલીએ શું કહ્યું આ ફિલ્મ વિશે? ટીઝર સામે આવ્યા બાદ ફેન્સ મુન્નાભૈયા પર સૌથી વધારે ચર્ચા કરી રહ્યા છે.

ટીઝર સામે આવ્યા બાદ ફરીવાર વેબસિરીઝમાં જોવા મળેલા પાત્રો અને તેની પંચલાઈન્સ તાજા થઈ ગઈ હતી. ખાસ વાત એ છે કે, નવા ચહેરા જે વેબસિરીઝમાં ન હતા એને પણ આ ફિલ્મમાં સ્થાન આપવામાં આવ્યું છે. રવિ કિશન અને જિતેન્દ્ર કુમારની આ ફિલ્મમાં એન્ટ્રી થઈ ગઈ છે. ગુડ્ડુ પંડિત-અલી ફઝલે આ અંગે હવે મહત્ત્વની વાત શૅર કરી દીધી છે. ગુડ્ડુ પંડિતે કહ્યું કે, વેબસિરીઝના કોઈ પણ સીન સાથે આ ફિલ્મને કંઈ લેવાદેવા નથી. આ ફિલ્મના ટીઝરને ખૂબ સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. ઘણા લોકો આ ફિલ્મને વેબસિરીઝ સાથે ક્નેકટ કરી રહ્યા છે જેમાં ખરેખર એવું છે નહીં. દરેક યુવા પોતાના ફેવરીટ પાત્ર અંગે ચર્ચા કરી રહ્યું છે. ફિલ્મના મુખ્ય પાત્ર અલી ફઝલે એક મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, વેબસિરીઝ અને ફિલ્મ એકબીજાથી ઘણી અલગ છે. ફિલ્મમાં જે વાર્તા છે એ વેબસિરીઝથી ઘણી અલગ છે. આ એક નવી વાર્તા છે. આ ફિલ્મ વેબસિરીઝ કરતા ઉપરના લેવલની ફિલ્મ છે. પહેલીવાર આવું બન્યું લોકો એકવાર ફિલ્મ જોશે એ પછી ફિલ્મને અવશ્ય પસંદ કરશે. આવું પહેલીવાર થઈ રહ્યું છે કે, પહેલા વેબસિરીઝ આવી અને એ જ વિષય પર હવે ફિલ્મ આવી છે. પણ હવે કોઈપાસે એનો રેફરન્સ પોઈન્ટ નથી એટલે આવું માની શકાય છે. મિર્ઝાપુર વેબસિરીઝની સીઝન3-4 અથવા એ પછી કોઈ પણ સીઝનથી ફિલ્મનું કોઈ ક્નેક્શન જ નથી. આમાં ઘણા એવા નવા એક્ટર્સ પણ જોવા મળશે. શરૂઆતમાં એવું લાગશે કે વેબસિરીઝની પહેલી સીઝન ચાલી રહી છે.



### રોનાલ્ડો જોટાની 21 નંબરની જર્સી પહેરી ભાવુક થઈ રડી પડ્યો

# મેદાન પર જ રડી પડ્યો રોનાલ્ડો, જીવ ગુમાવનારા સાથી ખેલાડીની જર્સી પહેરી શ્રદ્ધાંજલિ પાઠવી

મુંબઈ

ફિફા વર્લ્ડ કપના રાઉન્ડ ઓફ 32ના એક અત્યંત રોમાંચક અને ભાવુક મુકાબલામાં પોર્ટુગલે ક્રોએશિયાને 2-1થી હરાવીને રાઉન્ડ ઓફ 16માં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. જોકે, આ ઐતિહાસિક જીત બાદ ફૂટબોલ જગતના મહાન ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પોતાના આંસુ રોકી શક્યો નહોતો અને મેદાન પર જ રડી પડ્યો હતો. પોર્ટુગલની ટીમે આ મેચ પોતાના દિવંગત સાથી ખેલાડી ડિઓગો જોટાની પ્રથમ પુણ્યતિથિ પર તેને સમર્પિત કરી હતી. રોનાલ્ડો આ મેચમાં જોટાની યાદમાં તેની 21 નંબરની જર્સી પહેરીને રમ્યો હતો. લિવરપૂલના સ્ટાર ફોરવર્ડ ડિઓગો જોટા અને તેના ભાઈ આન્દ્રે સિલ્વાનું 3 જુલાઈ 2025ના રોજ સ્પેનમાં એક ભયાનક કાર દુર્ઘટનામાં મોત થયું હતું. આ દુર્ઘટના જોટાના લગ્નના માત્ર 11 દિવસ બાદ જ થયો હતો. જોટા પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમનો એક મહત્વનો અને મજબુત ખેલાડી હતો. જેણે 49 મેચમાં 14 ગોલ કર્યા હતા. તેની પ્રથમ પુણ્યતિથિ હોવાથી સમગ્ર ટીમ અને ફેન્સ ભારે ભાવુક જોવા મળ્યા હતા. મેચમાં પોર્ટુગલનું શાનદાર કમબેક મેચમાં ક્રોએશિયાએ 53મી મિનિટે ઈવાન પેરિસિચના ગોલની મદદથી 1-0ની લીડ મેળવી લીધી હતી. જોકે, 68મી મિનિટે પોર્ટુગલને VAR રિવ્યુ બાદ પેનલ્ટી મળી હતી. જેને કેપ્ટન ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ક્લાસિક અંદાજમાં ગોલમાં ફેરવીને સ્કોર 1-1થી સરભર કર્યો હતો. મેચ જ્યારે એક્સ્ટ્રા ટાઈમ તરફ વધી રહી હતી, ત્યારે જ ઈન્જરી ટાઈમની ચોથી મિનિટે સબસ્ટિટ્યુટ ખેલાડી ગોન્સાલો રામોસે શાનદાર હેડર વડે ગોલ કરીને પોર્ટુગલને 2-1થી રોમાંચક




જીત અપાવી હતી. હવે સોમવારે સ્પેન સામે ટક્કર ક્રોએશિયાના જોસ્કો ગ્વાર્ડિઓલે છેલ્લી ઘડીએ ગોલ કરીને મેચ બરાબરી પર લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફરી એકવાર VAR તપાસમાં તે ઓફસાઈડ જાહેર થતાં પોર્ટુગલનો વિજય નિશ્ચિત થયો હતો. આ રોમાંચક જીત સાથે હવે પોર્ટુગલની ટીમ આગામી સોમવારે ડલ્લાસ સ્ટેડિયમ ખાતે હાઈ-વોલ્ટેજ રાઉન્ડ ઓફ 16 મુકાબલામાં સ્પેન સામે ટકરાશે. મેચ પૂરી થયા બાદ રોનાલ્ડોએ જોટાની 21 નંબરની જર્સીમાં જ સ્ટેડિયમમાં આવેલા તમામ ફેન્સનો આભાર માન્યો હતો.

## રોનાલ્ડોની ટીમ પોર્ટુગલ વર્લ્ડ કપના રાઉન્ડ ઑફ-16માં પહોંચી

લંડન

સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ટીમ પોર્ટુગલે ફૂટબોલ વર્લ્ડ કપના પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ટીમે શુક્રવારે ક્રોએશિયાને 2-1થી હરાવ્યું. હવે પોર્ટુગલનો મુકાબલો 2010ની ચેમ્પિયન સ્પેન સામે 7 જુલાઈએ થશે. સ્પેને ઓસ્ટ્રિયાને 3-0થી હરાવ્યું. ટીમે 2010 પછી પહેલીવાર નોકઆઉટ મેચ જીતી છે. એક અન્ય મેચમાં સ્વિટ્ઝર્લેન્ડે અલ્જીરિયાને હરાવીને સતત ચોથી વાર ટૉપ-16માં સ્થાન બનાવ્યું. ટોરેન્ટો સ્ટેડિયમમાં ઈવાન પેરિશિચે હાફ ટાઈમ પછી ગોલ કરીને ક્રોએશિયાને 1-0થી આગળ કરી દીધું. 68મી મિનિટે ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પેનલ્ટી પર બરાબરીનો ગોલ કર્યો. ફુલ ટાઈમ સુધી સ્કોર 1-1 રહ્યો. ઈન્જરી ટાઈમમાં ગોન્સાલો રામોસે હેડરથી ગોલ કરીને પોર્ટુગલની જીત



લગભગ પાકી કરી દીધી. છેલ્લા ક્ષણોમાં ક્રોએશિયાએ બરાબરીનો ગોલ કર્યો, પરંતુ VAR રિવ્યુ પછી મારિયો પાસાલિચ ઓફસાઈડ જણાયો અને ગોલ રદ કર્યો. આ નિર્ણયથી નારાજ ક્રોએશિયન ચાહકોએ મેદાન પર બોટલો ફેંકી અને રેફરી વિરુદ્ધ વિરોધ પ્રદર્શિત કર્યો. મેચનો પ્રથમ હાફ ગોલ રહિત રહ્યો. પોર્ટુગલનું વર્ચસ્વ રહ્યું, પરંતુ ટીમ ગોલ કરી શકી નહીં. હાફ ટાઈમ પછી જોસિપ સ્તાનિશિચના ક્રોસ પર ઈવાન પેરિશિચે 53મી મિનિટે ગોલ કરીને ક્રોએશિયાને 1-0ની લીડ અપાવી. 68મી મિનિટે પોર્ટુગલને મળેલી પેનલ્ટી પર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ સ્કોર 1-1 કરી દીધો. આ વર્લ્ડ કપ નોકઆઉટ મેચમાં રોનાલ્ડોનો પહેલો ગોલ છે. તે આ સ્ટેજમાં ગોલ કરનાર દુનિયાના સૌથી વૃદ્ધ ખેલાડી બન્યો છે.

### પ્રથમ મેચ વરસાદને કારણે રદ થઈ હતી

## ભારત-ઈંગ્લેન્ડ બીજી T20ના સમયમાં ફેરફાર, હવે મોડી રાત સુધી જાગવું નહીં પડે

લંડન

ભારતીય ક્રિકેટ ટીમના ફેન્સ માટે એક સારા સમાચાર આવ્યા છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી બીજી T20 મેચ જોવા માટે હવે ફેન્સે મોડી રાત સુધી ઉજાગરા કરવાની જરૂર નહીં પડે, કારણ કે આ મેચના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ભારતીય ટીમ અત્યારે ઈંગ્લેન્ડના પ્રવાસે છે, જ્યાં બંને દેશો વચ્ચે 5 મેચોની T20 સિરીઝ રમાઈ રહી છે. આ સિરીઝની પ્રથમ મેચ ભારતીય સમય અનુસાર રાત્રે 10:00 વાગ્યે શરૂ થઈ હતી, પરંતુ વરસાદના કારણે તે પૂરી થઈ શકી નહોતી અને રદ્દ કરવી પડી હતી. હવે બીજી મેચ માટે નવો સમય નક્કી કરવામાં આવ્યો છે જે ફેન્સ માટે ખૂબ




જ અનુકૂળ રહેશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી T20 મેચ શનિવારે, 4 જુલાઈએ માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન પર રમાશે. ભારતીય સમય પ્રમાણે આ મેચ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે. મેચનો ટોસ અડધો કલાક પહેલા એટલે કે સાંજે 6:30 વાગ્યે કરવામાં આવશે. પ્રથમ મેચમાં શું થયું હતું? સિરીઝની પહેલી મેચમાં ભારતે ઈંગ્લેન્ડને જીતવા માટે 190 રનનો ટાર્ગેટ આપ્યો હતો. મેચમાં ભારતની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ઓપનર સંજૂ સેમસન ફક્ત 1 રન અને ઈશાન કિશન 0 રન બનાવીને જલ્દી આઉટ થઈ ગયા હતા. જોકે તે પછી અભિષેક શર્મા અને કેપ્ટન શ્રેયસ અય્યરે ધમાકેદાર બેટિંગ કરીને ભારતીય ઈનિંગ્સને સંભાળી હતી. અભિષેક શર્માએ ઈંગ્લેન્ડના બોલરોની ધોલાઈ કરતા માત્ર 24 બોલમાં 59 રન ફટકારી દીધા હતા. જ્યારે શ્રેયસ અય્યરે 47 બોલમાં 68 રનનું યોગદાન આપ્યું હતું. અંતમાં શિવમ દુબેએ પણ આક્રમક બેટિંગ કરીને 21 બોલમાં અણનમ 42 રન બનાવ્યા હતા.

## સેમસન ફ્લોપ, સૂર્યવંશીની એન્ટ્રી પર કાર્તિકે આપ્યું મોટું નિવેદન

### ભારતે પહેલા બેટિંગ પસંદ કરી હતી, કાર્તિકે આ નિર્ણયને યોગ્ય ગણાવ્યો

લંડન

ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં સંજૂ સેમસન ફરી સસ્તામાં આઉટ થતાં તેની નબળી ફોર્મ પર સવાલો ઊભા થયા છે. તે સતત ત્રણ ઈનિંગ્સમાં નિષ્ફળ રહ્યો હોવાથી, હવે 15 વર્ષના યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ-11માં સામેલ કરવાની માંગ તેજ બની છે. જોકે, પૂર્વ ક્રિકેટર દિનેશ કાર્તિકનું માનવું છે કે, ટીમ ઈન્ડિયાએ ઉતાવળ ન કરવી જોઈએ.

સેમસનને સપોર્ટ કરવો

જરૂર દિનેશ કાર્તિકે 'ક્રિકબઝ' પર જણાવ્યું કે, 'સંજૂ સેમસન સતત ત્રણ મેચમાં નિષ્ફળ ગયો હોવાથી વૈભવ સૂર્યવંશીને રમાડવાની માંગ યોગ્ય છે. પરંતુ ટીમ મેનેજમેન્ટે ધીરજ રાખવી જોઈએ. થોડા મહિના પહેલા T20 વર્લ્ડ કપમાં તેણે સારું પ્રદર્શન કર્યું હતું, તેથી અનુભવી ખેલાડીને અત્યારે બેક કરવો જરૂરી છે.' કાર્તિકે વૈભવના ભરપૂર વખાણ કર્યા

વૈભવના ટેલેન્ટના વખાણ કરતા કાર્તિકે ઉમેર્યું કે, 'વૈભવ ખૂબ જ પ્રતિભાશાળી ખેલાડી છે અને ભવિષ્યમાં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સારું રમશે. પરંતુ માત્ર ટેલેન્ટના દમ પર ટીમમાં જગ્યા ન મળે, તેણે પોતાના પ્રદર્શનથી આ સ્થાન મેળવવું પડશે.' ભારતનો ટોસનો નિર્ણય યોગ્ય મેચમાં વાદળછાયું વાતાવરણ હોવા છતાં ભારતે પહેલા બેટિંગ પસંદ કરી હતી. કાર્તિકે આ નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો. તેના મતે, તાજેતરમાં આયર્લેન્ડ સામે મળેલી 0-2ની હારના કારણે ટીમે આ રણનીતિ અપનાવી હતી. હવે 4 જુલાઈએ રમાનારી બીજી T20માં સેમસનને ફરી તક મળે છે કે વૈભવને, તેના પર સૌની નજર રહેશે.











### મે મહિનામાં ઊંચી સપાટીએ પહોંચ્યા પછી જૂન મહિનામાં પીછેહઠ

# ઇક્વિટી કેશ સેગમેન્ટમાં ટર્નઓવર ઘટ્યું

મુંબઈ

મે મહિનામાં ૨૨ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા પછી, જૂન મહિનામાં ઈક્વિટી કેશ સેગમેન્ટમાં ટ્રેડિંગ પ્રવૃત્તિ ધીમી પડી હતી કારણ કે રોકાણકારો નવી પ્રેરણાના અભાવે સાવચેત રહ્યા હતા. એનએસઈ અને બીએસઈ ના કેશ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્ન ઓવર જૂનમાં માસિક ૭% ઘટીને રૂ. ૧.૪૧ લાખ કરોડ થયું હતું. આ ઘટાડો સતત ત્રણ મહિનાની વૃદ્ધિને બાદ જોવાયો છે. તેનાથી વિપરીત, ફ્યુચર્સ અને ઓપ્શન્સ (એફએન્ડઓ) સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર ૩% વધીને રૂ. ૫૦૦.૬ લાખ કરોડ થયું હતું. આ મુખ્યત્વે મહિનાના છેલ્લા સમાપ્તિ સત્ર દરમિયાન વધેલી પ્રવૃત્તિને કારણે હતું. આ ઉપરાંત, ટ્રેડિંગ પ્રવૃત્તિઓમાં પણ ઘટાડો થયે હતો.



ઈક્વિટી કેશ સેગમેન્ટના વોલ્યુમ માટેનો અંદાજ સકારાત્મક રહે છે. ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ અને ચોમાસાની પ્રગતિ સાથે રોકાણકારોની ભાગીદારી વધી શકે છે. આ પરિબળો ઈક્વિટી કેશ બજારમાં નવા પરિબળો પૂરા પાડશે, અને આગામી અઠવાડિયામાં ટ્રેડિંગ વોલ્યુમ સ્થિર અથવા સુધરવાની અપેક્ષા છે.

ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમમાં એકંદર વધારો વાસ્તવમાં નબળા બજાર સેન્ટિમેન્ટને કારણે હતો, કારણ કે મોટાભાગના જૂન દરમિયાન એફએન્ડઓ પ્રવૃત્તિ સુસ્ત રહી હતી. મહિનાના અંતે તેજી મુખ્યત્વે છેલ્લા અઠવાડિયામાં ભારે ટ્રેડિંગ વોલ્યુમને કારણે હતી.

ટ્રેડરો અપેક્ષા રાખે છે કે માલિકીની ટ્રેડિંગ કંપનીઓ અને સ્ટોક બ્રોકર્સ માટે રિઝર્વ બેંકના સુધારેલા બેંક ગેરંટી નિયમો આગળ જતાં ડેરિવેટિવ્ઝ વોલ્યુમ નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. જુલાઈથી શરૂ કરીને, સેન્ટ્રલ બેંકે ફરજિયાત કર્યું હતું કે મૂડી બજારમાં વેપાર કરતી કંપનીઓને જારી કરાયેલી બધી બેંક ગેરંટી સંપૂર્ણપણે કોલેટરલાઈઝ્ડ (કોલેટરલ દ્વારા સુરક્ષિત) હોવી જોઈએ, જેમાં ગેરંટી રકમના ઓછામાં ઓછા ૫૦% રોકડમાં હોવી જોઈએ.

### ભંડોળની આવશ્યકતા માટે વૈકલ્પિક ધિરાણ સ્રોતો પર નજર


# પાંચ વર્ષમાં ખાનગી ધિરાણ માર્કેટ બમણી થઈને 25 અબજ ડોલર પહોંચી

મુંબઈ

ભંડોળની આવશ્યકતા માટે દેશના વેપારગૃહો વૈકલ્પિક ધિરાણ સ્રોતો તરફ નજર દોડાવી રહ્યા હોવાથી ભારતની ખાનગી ધિરાણ બજાર સતત વિસ્તરણના પંથે છે. સાનુકૂળ આર્થિક સ્થિતિને પગલે વેપારગૃહો પણ વિસ્તરણ યોજનાઓ હાથ ધરી રહ્યા છે.

૨૦૨૫ના અંતે સમાપ્ત થયેલા છેલ્લા પાંચ વર્ષમાં ભારતની ખાનગી ધિરાણ માર્કેટ બમણી થઈને ૨૫ અબજ ડોલર પર પહોંચી ગઈ છે. ૨૫ અબજ ડોલરની એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ધરાવતી ખાનગી ધિરાણ માર્કેટનું વાર્ષિક વ્યવહાર મૂલ્ય ૧૧ અબજ ડોલરને પાર કરી ગયું છે, એમ રેટિંગ એજન્સી મૂડી'સના ક રિપોર્ટમાં જણાવાયું હતું.

વૈશ્વિક ધોરણની સરખામણીએ ભારતની ખાનગી



ધિરાણ બજાર કદમાં નાની છે અને વિસ્તરણ માટે વ્યાપક અવકાશ ધરાવે છે.પરંપરાગત બેન્ક લોનની સાથોસાથ ખાનગી ધિરાણ પણ ભંડોળ માટે વૈકલ્પિક સ્રોત બની રહ્યો છે અને તેની લોકપ્રિયતા પણ વધી રહી છે.

રિઅલ એસ્ટેટ ક્ષેત્ર ખાનગી ધિરાણનો વ્યાપક ઉપયોગ કરી રહ્યું છે. એકંદર ખાનગી ધિરાણમાં ૪૦ ટકા હિસ્સો રિઅલ એસ્ટેટ ક્ષેત્રનો રહેલો છે.

ભારતનમાં ઈન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (આઈબીસી) ઉપરાંત અન્ય નિયમનકારી માળખાઓને પરિણામે ખાનગી ધિરાણ કંપનીઓના વિશ્વાસમાં તાજેતરના વર્ષોમાં વધારો થયો છે.

બેન્કો તથા નોન-બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઓની મર્યાદાઓને કારણે ખાનગી ધિરાણ ક્ષેત્રને લાભ થઈ રહેવાની પણ મૂડી'સ અપેક્ષા રાખી રહી છે.

ખાનગી ધિરાણ ક્ષેત્રની સરખામણીએ બેન્કો પર નિયમનકારી ધોરણોનો વધુ સખતાઈથી અમલ થતો હોય છે.

### પશ્ચિમ એશિયા યુદ્ધને પરિણામે વીજ વાહનો તરફ આકર્ષણમાં વધારો

# દેશના ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત થવા ધારણા

**2027થી 2030ના ગાળામાં અંદાજે 35 લાખ જેટલા વીજ સંચાલિત વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેશે તેવી ધારણાં છે. આ ફેરબદલને કારણે ભારતના ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત થવાની ધારણાં છે**

મુંબઈ

૨૦૨૭થી ૨૦૩૦ના ગાળામાં અંદાજે ૩૫ લાખ જેટલા વીજ સંચાલિત વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેશે તેવી ધારણાં છે. આ ફેરબદલને કારણે ભારતના ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત થવાની ધારણાં છે, એમ એસબીઆઈના એક રિપોર્ટમાં જણાવાયું છે.

પશ્ચિમ એશિયાના યુદ્ધ બાદ ક્રુડ તેલના ભાવમાં ઉછાળા તથા તેની અછતને પગલે દેશમાં વીજ વાહનો પ્રત્યેના આકર્ષણમાં વધારો જોવા મળી રહ્યો છે. ૨૦૨૭થી ૨૦૩૦ના ચાર વર્ષના ગાળામાં ૩૫ લાખ જેટલા વીજ વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેવાની અપેક્ષા છે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૨૦૨૬માં વીજ વાહનોનો હિસ્સો વધી ૮ ટકા પહોંચી ગયો છે. ૨૦૩૦ સુધીમાં વીસ ટકા જેટલા હિસ્સાથી ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત શક્ય બનશે એમ રિપોર્ટમાં દાવો કરાયો છે.૨૦૨૫ના માર્ચથી જૂનના ગાળામાં




સરેરાશ ૧.૩૦ લાખની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં વીજ વાહનોના રજિસ્ટ્રેશનનો સરેરાશ આંક વધી ૨.૩૦ લાખ પહોંચી ગયો છે. જે મહિને એક લાખનો વધારો દર્શાવે છે. ફેબ્રુઆરી, ૨૦૨૬ બાદ વીજ સંચાલિત ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ તથા ઊતારૂ કારના હિસ્સામાં થયેલા વધારાને જોતા યુદ્ધે વપરાશકારોની માનસિકતા બદલીને તેમને વીજ વાહનો તરફ વાળ્યા હોવાનું સૂચવે છે. ૨૦૨૭થી ૨૦૩૦ના ગાળામાં અંદાજે ૩૫ લાખ જેટલા વીજ સંચાલિત વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેશે તેવી ધારણાં છે. આ ફેરબદલને કારણે ભારતના ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત થવાની ધારણાં છે, એમ એસબીઆઈના એક રિપોર્ટમાં જણાવાયું છે. પશ્ચિમ એશિયાના યુદ્ધ બાદ ક્રુડ તેલના ભાવમાં ઉછાળા તથા તેની અછતને પગલે દેશમાં વીજ વાહનો પ્રત્યેના આકર્ષણમાં વધારો જોવા મળી રહ્યો છે. ૨૦૨૭થી ૨૦૩૦ના ચાર વર્ષના ગાળામાં ૩૫ લાખ જેટલા વીજ વાહનો પેટ્રોલ વાહનોનું સ્થાન લેવાની અપેક્ષા છે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૨૦૨૬માં વીજ વાહનોનો હિસ્સો વધી ૮ ટકા પહોંચી ગયો છે. ૨૦૩૦ સુધીમાં વીસ ટકા જેટલા હિસ્સાથી ક્રુડ તેલ આયાત બિલમાં રૂપિયા એક લાખ કરોડની બચત શક્ય બનશે એમ રિપોર્ટમાં દાવો કરાયો છે.

# સોનું ₹3,104 વધીને ₹1.46 લાખ પર પહોંચ્યું

■ **ચાંદી ₹4,504 મોંઘી થઈને ₹2.33 લાખ પ્રતિ કિલો થઈ, સોનુ ચાર દિવસમાં કિંમત ₹4,686 હજાર વધી**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે 3 જુલાઈએ સતત ચોથા દિવસે તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 3,104 રૂપિયા વધીને 1,46,107 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા ગુરુવારે તેની કિંમત 1,43,003 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. જ્યારે, એક કિલો ચાંદી 4,504 રૂપિયા વધીને 2,33,354 રૂપિયા પર પહોંચી ગઈ. આ પહેલા 2 જૂને તેની કિંમત 2,28,850 રૂપિયા પ્રતિ કિલો હતી.



સોનું છેલ્લા ચાર દિવસમાં 4,686 રૂપિયા અને ચાંદી 13,374 રૂપિયા મોંઘી થઈ છે. આ પહેલા સોમવારે સોનું 1.41 લાખ રૂપિયા અને ચાંદી 2.2 લાખ રૂપિયા પર હતી. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 12,908 રૂપિયા અને ચાંદી 2,934 રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.46 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.33 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.

# સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનની સૂચનાઓ એળે ગઈ, રોડના કામો રહ્યાં અધૂરા

## અનેક જગ્યાએ ચોમાસા પહેલા તંત્ર દ્વારા પ્રિમોન્સૂનની કામગીરી યોગ્ય રીતે ન કરી હોવાના કારણે નાગરિકોએ સાવચેત રહેવું પડે એવી સ્થિતિ

અમદાવાદ

ચોમાસાના સીઝનના વરસાદની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રના અધૂરા કામો ના કારણે નાગરિકોને ચોમાસામાં ખૂબ જ હાલાકી ભોગવવી પડે એવી સ્થિતિ જોવા મળી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા અનેક જગ્યાએ ખોદકામ અને રોડ બનાવવાની કામગીરી અધૂરી મૂકી દીધી છે જેના કારણે લોકોને હાલાકી પડી રહી છે. ગોતા, વૃંદાવન હાઈટ્સ, ન્યુ રાણીપ ખોડીયાર મંદિર, નવા વાડજ વાસુકીનગર પાસે રોડની કામગીરી અધુરી છે. ઓઢવ વિસ્તારમાં જર્જરીત ટાંકી હોવા છતાં પણ તેને ઉતારી લેવાની કામગીરી કરી નથી. અનેક જગ્યાએ ચોમાસા પહેલા તંત્ર દ્વારા પ્રિમોન્સૂનની કામગીરી યોગ્ય રીતે ન કરી હોવાના કારણે નાગરિકોએ સાવચેત રહેવું પડે એવી સ્થિતિ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર ચોમાસા પહેલા અનેક જગ્યાએ ચોમાસાની તૈયારીઓના ભાગરૂપે એસી ઓફિસમાં બેસીને ભાજપના મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના નેતાઓ સાથે બેઠક કરે છે. પરંતુ ચેરમેન અને અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસીને સૂચનાઓ આપે છે અને સાંભળે છે એવી જ સ્થિતિનું નિર્માણ થયું હોવાનું લાગે છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે બે સ્ટેન્ડિંગ કમિટીમાં સૂચનાઓ આપતા રહ્યા હતા. પરંતુ શહેરમાં અનેક જગ્યાએ અધૂરા કામો અને ખોદકામના કારણે નાગરિકોને ચોમાસામાં હાલાકી પડે એવી સ્થિતિ છે.

શહેરના ગોદરેજ ગાર્ડન ચાર રસ્તાથી સેવી સ્વરાજ થઈને ગોતા વૃંદાવન હાઈટ્સ સુધીના જવાના રોડ પર AMC રોડ વિભાગ દ્વારા રોડની કામગીરી અધુરી મૂકી દીધી છે. બે મહિના પહેલા રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે ગોદરેજ ગાર્ડન સિટી ચાર રસ્તાથી એક તરફનો રોડ બનાવી દેવાયો છે. જ્યારે બીજી તરફનો રોડ હજી સુધી બનાવવામાં આવ્યો નથી ગોતા વૃંદાવન હાઈટ્સ પાસે એટલા ખાડા પડી ગયા છે અને રોડ અત્યંત ખરાબ છે.

જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, દર વર્ષે વૃંદાવન હાઈટ્સ પાસે પાણી ભરાવવાની સ્થિતિ ઉભી થતી હોય છે અને રોડ પણ બેસી જાય છે તેમ છતાં પણ પ્રિ-મોન્સૂનની કામગીરીના ભાગરૂપે વૃંદાવન હાઈટ્સ પાસે કામગીરી ન કરવામાં આવી હોવાથી આ વર્ષે પણ લોકોને હાલાકીનો સામનો કરવો પડશે. શહેરના નવા વાડજ વિસ્તારમાં રેલ્વે ફાટક પાસે આવેલા વાસુકી નગરમાં પણ વ્હાઈટ ટોપીંગ રોડની કામગીરી અધુરી મૂકી દેવામાં આવી છે.

### ■ ન્યુ રાણીપમાં માત્ર માટી નાખીને ખાડો પૂરી દેવામાં આવ્યો

ન્યુ રાણીપ વિસ્તારમાં ખોડીયાર મંદિર ચાર રસ્તા પાસે છેલ્લા ત્રણ મહિનાથી રોડ બનાવવાની અને ખોદકામ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ રોડ ઉપર સતત કામગીરી કરવામાં આવી છે તેમ છતાં પણ ચોમાસા પહેલા કામગીરી પૂર્ણ થઈ નથી.

ચાર રસ્તા પાસે જ મોટું ખોદકામ કરવામાં આવેલું છે અને ત્યાં આસપાસ યોગ્ય રીતે બેરિકેડિંગ કરવામાં આવ્યું નથી. ખાડો હતો ત્યાં માત્ર માટી નાખીને ખાડો પૂરી દેવામાં આવ્યો છે પરંતુ યોગ્ય રીતે ત્યાં બેરી કેડિંગ કે રોડ કરવામાં આવ્યો નથી. જ્યારે ન્યુ રાણીપ થી ખોડીયાર મંદિર ચાર રસ્તા થઈને કાળીગામ તરફનો રોડ પર હજી સુધી પૂરો કરવામાં આવ્યો નથી.

### ■ આદિનાથ નગરમાં પાણીની ટાંકી જર્જરીત

પ્રિ- મોનસુન કામગીરી અંતર્ગત જે જર્જરીત મકાનો અને મિલકતો હોય તેને ઉતારી લેવાની હોય ત્યારે શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલા આદિનાથ નગરમાં પંચાયત સમયની જર્જરીત પાણીની ટાંકી આવેલી છે જે ખૂબ જ ભયજનક છે અને ચોમાસામાં ગમે ત્યારે પડે તેવી સ્થિતિ છે ત્યારે આ પાણીની ટાંકીને પણ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા ઉતારી લેવામાં આવી નથી.

આદિનાથ નગર વિસ્તારમાં આવેલી પાણીની ટાંકીની બાજુમાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કૂલ આવેલી છે ત્યારે ગમે ત્યારે આ ટાંકી પડે તો દુર્ઘટના સર્જાય તેવી સ્થિતિ છે ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રની આ બેદરકારી ગમે ત્યારે લોકોના જીવ લઈ શકે તેવી સ્થિતિ છે.



# 149મી રથયાત્રાની તડામાર તૈયારી : ભગવાનના રથ માટે લાકડાના 6 નવા પૈડાં તૈયાર કરવામાં આવ્યા

આ રથયાત્રામાં વર્ષોના વર્ષે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાય છે અને ભગવાનના ઘર આંગણે દર્શન કરીને ધન્યતા અનુભવે છે, આ રથયાત્રા માટે મંદિર તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે

અમદાવાદ

અમદાવાદમાં અષાઢી બીજના રોજ નીકળતી 149મી ઐતિહાસિક જગન્નાથ રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જમાલપુર જગન્નાથ મંદિરમાં ભગવાનના રથના 6 નવા પૈડાં બાવળના લાકડામાંથી 15 દિવસની મહેનત બાદ તૈયાર કરાયા છે. આગામી 3-4 દિવસમાં મંદિર પરિસરમાં રથનું ટ્રાયલ લેવાશે, જેથી રથયાત્રાના દિવસે રથ સરળતાથી નગરચર્યાએ નીકળી શકે.

અમદાવાદમાં અષાઢી બીજના રોજ નીકળતી ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક



રથયાત્રાને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ વર્ષે યોજાનારી 149મી રથયાત્રા માટે જમાલપુર જગન્નાથ મંદિરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મંદિર પ્રશાસન દ્વારા ભગવાનના રથની મરામત તેમજ અન્ય વ્યવસ્થાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રથયાત્રાની પરંપરા મુજબ ભગવાનના રથની સુરક્ષા અને જાળવણીની વિશેષ કાળજી લેવામાં આવે છે. મંદિર પ્રશાસન પાસેથી જાણવા મળ્યા અનુસાર, દર બેથી ત્રણ વર્ષે ત્રણેય રથના આગળના ભાગના કુલ છ પૈડાં નવા બનાવવામાં આવે છે. આ વખતે પણ બાવળના મજબૂત લાકડામાંથી કારીગરો દ્વારા સતત 15 દિવસની કામગીરીના અંતે આ છ નવા પૈડાં બનાવીને તૈયાર કરવામાં આવ્યા છે. હાલમાં રથમાં આ નવા બનાવેલા પૈડાં લગાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ ફિટિંગની કામગીરી પૂર્ણ થયા બાદ આગામી ત્રણથી ચાર દિવસમાં જ સુરક્ષા અને સંતુલનની ચકાસણી માટે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીના ત્રણેય રથનું મંદિર પરિસરની અંદર જ ટ્રાયલ લેવામાં આવશે, જેથી રથયાત્રાના દિવસે રથ સરળતાથી નગરચર્યાએ નીકળી શકે. દિલીપદાસજી મહારાજે જણાવ્યું હતું કે, 'અમદાવાદમાં છેલ્લી દોઢ સદીથી નીકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરેક ગુજરાતીઓ માટે એક ગૌરવની ક્ષણ છે.

## અમદાવાદમાં હૃદયદ્રાવક ઘટના : સાબરમતી નદીમાં ઝંપલાવી યુવકે જીવન ટૂંકાવ્યું, પ્રેમપ્રકરણ હોવાની આશંકા

અમદાવાદ

અમદાવાદની સાબરમતી નદી ફરી એકવાર આત્મહત્યાના કારણે ચર્ચામાં આવી છે, જ્યાં એક યુવકે નદીમાં ઝંપલાવીને પોતાનું જીવન ટૂંકાવી લીધું હોવાની અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. આ ગમખ્વાર ઘટનાની જાણ આસપાસના લોકો દ્વારા તંત્રને કરવામાં આવી હતી. બનાવની વિગતો એવી છે કે, સાબરમતી નદીમાં યુવકે કૂદકો માર્યો હોવાની માહિતી મળતા જ અમદાવાદ ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ નદીના પાણીમાંથી બહાર કાઢ્યો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી મૃતદેહનું પંચનામું કર્યું હતું અને ત્યારબાદ તેને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. સ્થાનિક સૂત્રો અને પ્રાથમિક માહિતી અનુસાર, આ આત્મહત્યા પાછળ પ્રેમપ્રકરણ જવાબદાર હોવાની ચર્ચાઓ વહેતી થઈ છે. પ્રેમમાં નિષ્ફળતા અથવા કોઈ અગમ્ય વિવાદના કારણે યુવકે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જો કે, પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધીને યુવકના પરિવારજનોની પૂછપરછ અને આગળની ઊંડી તપાસ શરૂ કરી છે.

ન્યાયના મંદિરમાં જ ભ્રષ્ટાચારનો ખેલ!

# અમદાવાદ સિટી સેશન્સ કોર્ટનો આસિસ્ટન્ટ ક્લાર્ક અશોક પટેલ 10 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

અમદાવાદ

જે જગ્યાએથી સામાન્ય માણસને ન્યાય મળવાની આશા હોય છે, તે જ ન્યાયના મંદિરમાં ભ્રષ્ટાચારનો કાળો કારોબાર ચાલતો હોવાનો સનસનાટીપૂર્ણ કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદની ભદ્ર સ્થિત સિટી સેશન્સ કોર્ટના અપીલ વિભાગમાં ફરજ બજાવતો આસિસ્ટન્ટ ક્લાર્ક અશોકભાઈ માધવલાલ પટેલ રૂપિયા ૧૦,૦૦૦/- ની લાંચ લેતા એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં કોર્ટ પરિસરમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ફરિયાદીની તરફેણમાં ચુકાદો અપાવવાના બહાને લાંચની માંગણી કરનાર આ સરકારી બાબુને એસીબીની ટીમે છટકું ગોઠવીને દબોચી લીધો છે. બનાવની વિગતો એવી છે કે, ફરિયાદીના પડોશીએ ફરિયાદીના મકાન તથા તેમની બાજુના મકાનની વચ્ચે આવેલી કોમન દિવાલ નહીં તોડવા બાબતે



નામદાર સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતે એક દાવો દાખલ કર્યો હતો. આ કેસના સંદર્ભમાં ફરિયાદીના ઘરે કોર્ટ કમિશનની નોટિસ આવી હતી. આ કેસમાં કોર્ટ કમિશ્નર તરીકેની પ્રક્રિયા દરમિયાન આરોપી આસિસ્ટન્ટ ક્લાર્ક અશોક પટેલે ફરિયાદીનો સંપર્ક કર્યો હતો અને કોર્ટમાં ચાલી રહેલા આ કેસનો ચુકાદો ફરિયાદીની તરફેણમાં અપાવવા માટે વચેટિયાની ભૂમિકા ભજવતા રૂપિયા ૧૦,૦૦ knives ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરો (ACB) નો સંપર્ક કરીને ઓફિશિયલ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે પૂરતા આયોજન સાથે લાંચનું છટકું ગોઠવ્યું હતું. જેવું ફરિયાદી પાસેથી આરોપી અશોક પટેલે લાંચના રૂપિયા ૧૦,૦૦૦/- સ્વીકાર્યા, કે તરત જ સંતાઈને બેઠેલી એસીબીની ટીમે તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. એસીબીએ લાંચની રકમ રિકવર કરી આરોપી ક્લાર્ક વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજ્ય સરકાર અને ગૃહ વિભાગ દ્વારા ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી રહી છે.

પાલડી ચાર રસ્તા પર AMCના ભ્રષ્ટાચારનો 'ખાડો'

# લોકોને બચાવવા નીકળેલી ફાયરની ગાડી જ ખાડામાં ફસાઈ!

### વ્હાઈટ હાઉસ અને કમાન્ડ કંટ્રોલ રૂમમાં બેસીને મોનિટરિંગ કરવાના દાવા કરનારાઓ, શું તમને પાલડી ચાર રસ્તા પરનો આ મોતનો ખાડો દેખાતો નથી?

અમદાવાદ

અમદાવાદને સ્માર્ટ સિટી અને મેગા સિટી બનાવવાની ગુલબાંગો પોકારતા સત્તાધીશોના ગાલ પર વધુ એક જોરદાર તમાચો વાગ્યો છે. વિકાસના નામે સમગ્ર અમદાવાદને ખાડા નગરીમાં ફેરવી નાખનાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના પાપે આજે પાલડી ચાર રસ્તા પર એક શરમજનક અને ઘાતક ઘટના સામે આવી છે. કટોકટીના સમયે લોકોનો જીવ બચાવવા માટે દોડતી ફાયર રેસ્ક્યુની ગાડી જ પાલડી ચાર રસ્તા પર એએમસીએ ખોદેલા એક જોખમી ખાડામાં ફસાઈ ગઈ છે. આ ઘટનાએ ભાજપ શાસિત મ્યુનિસિપલ કોર્પોરેશનના કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની પોલ આખા ગુજરાત સામે ખુલ્લી પાડી દીધી છે. બનાવની વિગતો એવી છે કે, પાલડી ચાર રસ્તા જેવા અત્યંત વ્યસ્ત વિસ્તારમાં ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ગાડી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક રોડ પરના ખાડામાં ગાડીનું ટાયર ગરકાવ થઈ ગયું હતું. આ ભયાનક ખાડામાં ગાડી એવી રીતે ફસાઈ કે ભારે જહેમત બાદ પણ તેને બહાર કાઢવી મુશ્કેલ બની ગઈ હતી. ફાયરની ગાડીને બહાર કાઢવા માટે ભારે મથામણ અને અન્ય વાહનોની મદદ લેવી પડી રહી છે. સવાલ એ થાય છે કે, જે ફાયર બ્રિગેડ આપત્તિના સમયે જનતાની રક્ષા માટે સેકન્ડોના હિસાબે દોડતી હોય, તે ખુદ એએમસીના પાપે કલાકો સુધી ખાડામાં બંધક બની જાય તો સામાન્ય જનતાની સુરક્ષાનું શું? જો કોઈ મોટી આકસ્મિક ઘટના બની હોત અને આ ગાડી સમયસર ન પહોંચી શકી હોત, તો આ નિર્દોષોના મોતના જવાબદાર કોણ હોત? આ કોઈ સામાન્ય અકસ્માત નથી, આ એએમસીના સત્તાધીશો અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી આચરાયેલો જીવલેણ ભ્રષ્ટાચાર છે. અમદાવાદના ખૂણે-ખૂણે પ્રી-મોન્સૂન કામગીરી અને વિકાસના નામે રસ્તાઓ ખોદીને નર્કાગાર બનાવી દેવાયા છે. ચોમાસું માથે હોવા છતાં રસ્તાઓનું યોગ્ય પુરાણ કરવામાં આવતું નથી. સત્તા પક્ષ વર્ષોથી કોર્પોરેશનમાં બેસીને માત્ર મલાઈ ખાઈ રહ્યો છે અને ભ્રષ્ટાચારના ખાડા ખોદી રહ્યો છે, જ્યારે તેની સીધી સજા અને હેરાનગતિ અમદાવાદની ટેક્સ ભરતી જનતાએ ભોગવવી પડી રહી છે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર એએમસીના કમિશનર અને સત્તાધીશોને સણસણતો સવાલ પૂછે છે કે, વ્હાઈટ હાઉસ અને કમાન્ડ કંટ્રોલ રૂમમાં બેસીને મોનિટરિંગ કરવાના દાવા કરનારાઓ, શું તમને પાલડી ચાર રસ્તા પરનો આ મોતનો ખાડો દેખાતો નથી? જનતાના પૈસા ભ્રષ્ટાચારમાં સગેવગે કરવાનું બંધ કરો, નહિતર આ જ જનતા આગામી દિવસોમાં તમને સત્તામાંથી બહાર ફેંકી દેશે.

# શહેરમાં મોત બનીને દોડતા માતેલા સાંઢ જેવા ડમ્પરો પર લગામ ક્યારે?





સામાન્ય જનતા માટે કાયદાનો કોરડો, તો નંબર પ્લેટ વગરના યમદૂતોને ખુલ્લી છૂટ કેમ?

અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદના રસ્તાઓ પર અત્યારે સામાન્ય નાગરિકો સુરક્ષિત છે કે કેમ, તે એક બહુ મોટો સવાલ બની ગયો છે. શહેરમાં દિવસેને દિવસે ડમ્પર ચાલકો દ્વારા સર્જવામાં આવતા ગમખ્વાર અકસ્માતોની સંખ્યા વધી રહી છે. માતેલા સાંઢની જેમ બેફામ દોડતા આ ભારે વાહનો માસૂમ નાગરિકો માટે 'યમદૂત' સાબિત થઈ રહ્યા છે. પરંતુ આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે, કોઈ પણ પ્રકારની સુરક્ષા કે નંબર પ્લેટ વિના પણ આ ડમ્પરો શહેરની મધ્યમાં બિન્દાસ ફરી રહ્યા છે અને તંત્ર આંખ આડા કાન કરીને બેઠું છે!

શહેરમાં સૌથી વધુ વ્યસ્ત અને ઔદ્યોગિક વિસ્તાર ગણાતા પીરાણા તરફના રસ્તા પર નજર કરો તો કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડતા દેખાશે. આ માર્ગ પરથી રોજ સેંકડો ડમ્પરો પસાર થાય છે, જેમાંથી મોટાભાગના વાહનોમાં પાછળ કે આગળ કોઈ ઓફિશિયલ નંબર પ્લેટ જ હોતી નથી!


સમ ખાવા પૂરતી પેઈન્ટિંગ: જો કોઈ વાહનમાં નંબર હોય, તો તે માત્ર કાગળ પર કે કાળા કલરથી પેઈન્ટ કરીને દોરેલો હોય છે, જે દૂરથી વાંચવો અશક્ય છે.

ધૂળની ચાદર પાછળ છૂપાતો ગુનો: મોટાભાગના હેવી વાહનોની નંબર પ્લેટ પર કાદવ અને ધૂળનું એવું સામ્રાજ્ય હોય છે કે નંબર દેખાતો જ નથી.

મુખ્ય સવાલ એ થાય છે કે, આ વાહનો જાણીજોઈને નંબર પ્લેટ કેમ નથી રાખતા? જવાબ સ્પષ્ટ છે– જો રસ્તા પર કોઈ નિર્દોષ નાગરિકને કચડીને ભાગી જવું હોય, તો સીસીટીવી કે લોકોની નજરમાં વાહનની ઓળખ ન થાય! આ આયોજનબદ્ધ ગુનાખોરી નથી તો બીજું શું છે?

અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા સામાન્ય જનતાને ટ્રાફિક સેન્સ શિખવાડવા માટે અવારનવાર 'હેલ્મેટ ડ્રાઈવ', 'લાયસન્સ ડ્રાઈવ' કે 'રોંગ સાઈડ ડ્રાઈવ' વિરુદ્ધ ઝુંબેશ ચલાવવામાં આવે છે. સામાન્ય મધ્યમવર્ગીય પરિવારનો વ્યક્તિ જો ભૂલથી નીકળે, તો તેની પાસે HSRP (હાઈ સિક્યોરિટી) નંબર પ્લેટ ન હોવા બદલ પણ મસમોટો દંડ વસૂલવામાં આવે છે. કાયદાનું પાલન થાય તે ખૂબ સારી બાબત છે અને જનતા તેનું સમર્થન કરે છે.

# ઘાટલોડિયાના સતાધાર બ્રિજ નીચે જાહેર પાર્કિંગમાંથી યુવકનું બાઈક ચોરાયું



### વસ્ત્રાપુર પોલીસે આ ઘટના અંગે CCTV ફૂટેજને આધારે આરોપીને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ

અમદાવાદ શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલા સતાધાર બ્રિજ નીચેના જાહેર પાર્કિંગમાંથી ધોળા દિવસે વધુ એક બાઈકની ચોરી થઈ છે. નરોડામાં રહેતા અને બેંકમાં કામ કરતા એક યુવકનું પાર્ક કરેલું બાઈક કોઈ અજાણ્યો શખ્સ લઈને ફરાર થઈ ગયો હતો. વસ્ત્રાપુર પોલીસે આ ઘટના અંગે CCTV ફૂટેજને આધારે આરોપીને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

નરોડામાં રહેતા જીગ્નેશકુમાર મકવાણા સત્તાધાર ચાર રસ્તા પાસે શાંતિ મોલમાં આવેલી એક બેંકમાં ઓફિસ બોય તરીકે ફરજ બજાવે છે. ગત 30મી જૂનના રોજ સવારે 8 વાગ્યે તેઓ પોતાની બાઈક લઈને નોકરીએ આવ્યા હતા. તેમણે નવરંગ ટાવર અને એચડીએફસી બેંકની સામે આવેલા સતાધાર બ્રિજ નીચેના પાર્કિંગમાં પોતાનું વાહન લોક કરીને મૂક્યું હતું. જોકે, સાંજે ચાર વાગ્યે જ્યારે તેઓ પોતાની શિફ્ટ પૂરી કરીને ઘરે જવા માટે પરત ફર્યા, ત્યારે પાર્કિંગમાંથી તેમની બાઈક ગાયબ હતી.

પોતાની બાઈક તેના મૂળ સ્થાને ન દેખાતા જીગ્નેશકુમારે આજુબાજુના વિસ્તારોમાં અને સ્થાનિક લોકોની પૂછપરછ કરીને ભારે શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે કોઈ અજાણ્યો શખ્સ બાઈકનું લોક તોડીને ચોરી ગયો હોવાની શંકા જતા આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા. ફૂટેજમાં એક શખ્સ બાઈક ચોરીને ફરાર થતો જોવા મળ્યો હતો. આ ઘટના અંગે યુવકે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા વાહનચોરને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI